वेत्रतदासर्वंसदेवेत्युपपादनमंतरेणैवासिद्धं वस्तुतस्तुसत्तायांसत्तांतराभावात् सदेवसत्तेतितद्योगादेवसर्वत्रसदितिप्रत्ययः सदेवचकारणं असतःकारणत्वायोगात् अतःकरणीभूतस्य सतएकत्वात्तस्मिन्भेदाभावेकार्येकुतोभेदः समायाति कारणगुणानामेवकार्यगुणारंभकत्वादिति एवंसर्वस्यसदभेदेसाधितेपिभेदंविनाभिन्नार्थक्रियाकारित्वासंभवात्तदुपपादनायकारणएवकुतश्चनभेदोभ्युपेयइत्याशयेनाह मृदइवेत्यादि तत्रेष्टमभ्युपगच्छंति अस्त्विति ततःप्रत्यवतिष्ठते तर्हीत्यादिअंशेनभेदइति अंशेनकृतोभेद तथाचकार्यस्य कारणीयांशजन्यत्वादंशांशिनोर्भेदेभ्युपगतेकार्यकारणयोर्भेदोप्यर्थादेव सिद्धइतिभेददूषणंव्यर्थमेवेत्यर्थः तन्निषेधंति नेत्यादि तथाचेति कारणगुणानांकार्यगुणारंभकत्वात् तथा चतदभावान्नभेदइत्यर्थः नन्वयंननियमोयत्कारणगुणैः सर्वैरेवकार्येगुणा आरंभणीयाइति अतःकारणगुरुत्वस्य गुरुत्वांतरानारंभकत्वान्नकार्येद्विगुणंगुरुत्वं अतस्तदभावोनाभेदसाधकइत्यतआहुः नवेत्यादिएकमेवेत्यंतं तथाचेति प्रतीतेः प्रामाण्यांगीकारेपि तथाचेति प्रतीतिबलादपि तथा च सज्जगतोर्धर्मभेदकृतैव भेदप्रतीतिर्नस्वरूपभेदकृताअतः प्रतीतिबलेनापि विचारेसदेकमेवेत्यर्थः नन्वंशानांभेदस्योपगतत्वात्कुतोन स्वरूपभेदकृतेत्यतआहुः नचेत्यादि तथाचांशांशिनोस्वरूपभेदेसातितयोर्गुरुत्वस्यभिन्नत्वादंशे अंशिनोंशिनिचांशस्य प्रत्ययेनसत्त्वाद्गुरुत्वारंभाभावेपिस्वरूप गुरुत्वादेवद्विगुणभारापत्तिः अतस्तयोरपिनस्वरूपभेदाद्भेदः किंत्वल्पत्व महत्त्वादिधर्मभेदादेवभेदइतितदुभयमपिस्वरूपतएकमेवेत्यर्थः अतएव सुवर्णजिघृक्षुस्तच्छकलमपिगृह्णातीतियुज्यते एवंस्वरूपतः सर्वस्यसदात्मकत्वेसाधितेप्यंशानांपरस्परं भेददर्शनेनपुनः प्रत्यवस्थानाभावायभेदस्वरूपंनिश्चेतुंविकल्पयंति अंशानामित्यादि केचिदिति भास्कराचार्याःततो पिकिंचिद्विशेषमाहुः वस्तुतइत्यादि उदच्यतइति उद्गच्छति अंचगतिपूजनयोःअचइत्येकइति धातुपाठात् तथाचात्रश्रुतावुद्गमनेपिपूर्णत्वश्रावणांशेनकृतंनानात्वंकिंतुबहुस्यामितीच्छयाकार्यावस्थायांव्यापकत्वे तिरो-

भावितेनानात्वमुद्भूतंभवति भगवतः सर्वत्रसर्वरूपत्वात् अन्यथाअसत्कार्यवादापत्तेः तद्दूषणंतुविद्वन्मंडनटीकायामाविर्भावतिरोभाववादेप्रपंचितंमथेतिनात्रोच्यते तस्मान्नागंतुकंनानात्वं किंत्वेकत्वाविरोधितच्चेच्छयाप्रकटीभवतीतिनस्वरूपैकत्वबाधकं नचयुक्तिविरोधादयुक्तत्वं शंक्यंतद्विरोधस्यात्रभषणत्वात् तदेजतितन्नैजति आसीनोदुरेव्रजातिशयानोयाति सर्वतइत्यादिश्रुतिसिद्धत्वात् नहिविरोध उभयंभगवतीत्यादिस्मृतिसिद्धत्वाच्च तस्मादेकत्वाविरोधिश्रौतंनानात्वंनभेद इत्यर्थः तर्हिअन्योन्याभावभेदोस्त्विवतिविकल्पमनुवदंतिअथेत्यादिइदंचप्राचांलक्षणंनव्यास्तुतादात्म्यसंबंधावच्छिन्नप्रतियोगिताकोऽभावइत्याहुःतत्रतादात्म्यंयदिभेदसहिष्णुरभेदः तदाघटादिषुतादृशाभेदसंबंधस्याभावाल्लक्षणेअसंभवदोषःतथाभेदस्यतत्रप्रवेशेनज्ञप्तावात्माश्रयदोषश्च अतःसचासावात्मातदात्मातस्यभावस्तादात्म्यमित्येववाच्यं तथासतिस्वरूपसंबंधादनतिरेकः ततश्चप्रतियोगितावच्छेदकारोपापवादएवपर्यवस्यतीतितथोक्तंएवंतदनुद्यतदुषयंति नैतत्सारमित्यादि द्वयोरितिविरुद्धयोर्द्धर्मयोः न च घटस्वरूपं पटस्वरूपंभवतीति स्वरूपसंबंधावच्छिन्नप्रतियोगिताकाभाववत्वमेवतल्लक्षणमास्त्वितिवाच्यंसर्वस्यसद्रूपत्वेन सदात्मकत्वेनचतत्संबंधावच्छिन्नप्रतियोगितायावक्तुमशक्यतयातल्लक्षणकस्यतत्स्वरूपस्यैवासिद्धेः न चाभावएवसद्भिन्नइतिवाच्यंतथासतिघटाभावोस्तिघटभेदोस्तीत्यादिप्रतीतिबाधापत्तेः नचव्यवहारेतस्याः भ्रमत्वंशक्यंव्यावहारिकदोषाजन्यत्वात् तर्हिकुतइयंभेदप्रतीतिरित्याकांक्षायांतद्धेतुमाहुः तथाप्रकटस्येतितेनतेनरूपेणप्रकटस्यननुधर्मवैलक्षण्यनिबंधनैवेयंप्रतीतिर्नान्योन्याभावनिबंधनेत्यत्र किंगमकमतआहुः सदेवसोम्येदंसन्मूलाः सौम्येमाः प्रजाः पुरुषएवेद९ सर्वमित्यादिश्रुत्या भूतानिविष्णुर्भुवनानिविष्णुर्वनानिविष्णुर्गिरयोदिशश्चनद्यः समुद्राश्चसएवविष्णुर्यदस्तियन्नास्ति च विप्रवर्यविश्वंवैब्रह्मतन्मात्रंसंस्थितंविष्णुमाययेत्यादिस्मृत्या वामदेवशुकादीनांसर्वत्रैकरूपत्वप्रतीत्याच वस्तु न एकत्वोसिद्धेयान्येषांभ्रांताभेदप्रतीतिः साधर्म्यवैलक्षण्यनिबंधनैव श्रुत्या-

दौवस्त्वेक्यस्यवैलक्षण्यस्य च बोधनात्तदेवानियामकमित्यर्थः अत्रपुनः शंकतेतर्हीत्यादिसिद्धमिति तैरेवप्रमाणैः सिद्धं तथा च वृथैवायंदूषणाडंबरइत्यर्थः तद्दूषयंतिनैतदित्यादिसोकामयतसतपोतप्यतेत्याद्युत्तरंस्वबहुभवनस्योक्तत्वात्स्वयमेवधर्मरूपेणाविर्भवतीतिधर्मानधर्मिणः सकाशाद्भिन्नानापिस्वतोभिन्नाः स्वरूपैक्यस्योपपादितत्वात्किंतुभगवतएव तथा प्राकट्येनपरस्परविलक्षणत्वान्नटरूपवद्भिन्नाः प्रतीयंतेतोनभेददूषणंव्यर्थमित्यर्थः अत्रयद्यप्येतावतैवनिर्वाहोभवति तथाप्युपसंहारेमायावादोनिराकृतइतिकथनादत्र च प्रथमपदादितोग्रेएतावतीत्रुटिरितिप्रतिभाति प्रथमं धर्मरूपेणाविर्भावादित्युक्तेप्राथम्यस्यकालकृतत्वात्तेनभेदमापाद्येत् ततस्तन्निरासायसदेवसोम्येदमग्रआसीदित्यत्रोक्तस्यकालस्यबोधनार्थत्वप्रतिपादनेनभिन्नतानिराकरणं तत्प्रसंगेनएकपदस्यमुख्यार्थतानिराकरणं ततो अस्तिभातिप्रियंरूपंनामचेत्यंशपंचकं आद्यंत्रयंब्रह्मरूपंद्वयमायिकमुच्यत इतिमतंजगतोऽब्रह्मत्वायोपक्षिप्यतयोर्मायिकत्वनिराकरणमिति एवंभेदवादेमायावादे च निराकृतेतदग्रेअयंग्रंथः नाब्रह्मैवार्थः प्रतीयतइति एवंप्रपंचस्यब्रह्मभिन्नत्वेमायिकत्वे च निराकृतेसतिअब्रह्मैवार्थः प्रतीयतइति न तथाचलोकनिपुणामायावादिनश्चैवंमानयितुंशक्याअतोर्द्धजरतीयन्यायाद्वैदिकानां वेदांतत्वप्रसिद्धिर्नतुभवदुक्तप्रकारकादेकवाक्यत्वादित्यर्थः तेनसिद्धमाहुः अतइत्यादियतोभवदुक्तरीत्यावेदवेदांतयोरेकवाक्यतायावक्तुमशक्यतया वेदांतेषुवेदत्वस्यासिद्धत्वाज्जैमिनिकृताधर्मजिज्ञासावेदांतानसंगृह्णानातदंशेषु ंनिश्चयेनकुंठितैवभवेत् स्वाध्यायाध्ययनविधिनातदध्ययनस्याप्राप्तेः ततश्चवैदिकाभिध्यानेनकृतमपितेषांवेदत्वसमर्थनंवृथैवेत्यर्थः ननुवेदांतानामनारभ्याधीतत्वात्तदुक्ताआत्मज्ञानादयोधर्मागार्ह्यस्मार्त्ताइवेतिस्मृतिपादेस्मृतिविचारेणैवतेपिविचारिताएवेतिनधर्मजिज्ञासायाः कुंठितत्वमित्येवंसमर्थनेतदपिदुषयंति अनारभ्येत्यादि वेदांताअनारभ्याधीतागार्ह्यस्मार्त्ताइवयादिभवेयुस्तदामहतांगृह्यकृतांस्मृतिकृतां चयाप्रक्रियाप्रकारः वृत्तिर्वर्त्तनंव्यवहारः सचतथाभवेत्तेषांस्वातंत्र्यं-

वेदभिन्नत्वं च भवेत् गृह्यकाराः त्रयधर्मान्विचारयंतितत्र अथकर्माण्याचारादीनिगृह्यंतेअथगार्ह्याणिवक्ष्यामः अथातोगृह्यस्थालीपाकानांकर्मेत्येवंप्रतिज्ञायतत्तत्कर्मकालादिकंवदंति स्मृतिकाराश्च यत्र वदंति तत्र महर्तीषु स्मृतिषुअथातः सामयकाचार्यकान्धर्मान् व्याख्यास्यामः योगीश्वरंयाज्ञवल्क्यंसंपूज्यमुनयोब्रुवन् अथातोहिमशैलाग्रेदेवदानवसंकुलेव्यासमेकाग्रमासीनमित्येवंधर्मकथनं प्रतिज्ञायस्थान विशेषेतत्तत्प्रश्नेनवदंतीतिप्रकारोदृश्यते अमुकगृह्यसूत्रंअमुकस्मृतिरितिकर्तृनामपूर्वकोव्यवहारश्चदृश्यते तेषांवेदभिन्नत्वं च दृश्यते तत्सर्वंवेदांतेष्वपिभवेत् येनतन्नवेदांतेषुदृश्यते तेनैतेगार्ह्यस्मार्त्तोइवनतथाचस्मृतिविचारेणतद्विचारसिध्यभावाज्जिज्ञासाकौंठ्यंदुर्वारमेवेत्यर्थःकासुचित्स्मृतिषुप्रकारादर्शनात्यद्वैकिंचमनुरवदत्तद्भेषजमितिश्रुतावपिमन्वादरदर्शनाच्चप्रकारादिरप्रयोजकइत्याशंकायांउत्तरमाहुः धर्मेत्यादिप्रकारादर्शनेपिक्वचिदादरेपिस्मार्त्तधर्मादिकंश्रेयोवैदिकंन तत्रहेतुजीवविचारितत्वंयतएतेस्मार्त्ताधर्मादयः पुरुषेक्षावशेन पुरुषाणामृषीणांस्मरणपूर्वकविचारवशेनसाध्यसाधनभावंप्राप्ताः अतःप्रकाराभावेपिश्रुतौक्वचिदादरेपिनसर्वेवैदिकाः वेदांतानांत्वपौरुषेयत्वात्तदुक्तोवेदार्थः सयतोहेतोरलौकिकः अतोहेतोप्रमाणांतरगोयोगादिप्रमाणगम्योन अतस्तद्विचारस्यावश्यकत्वेऽपियस्मान्न विचारस्तस्मात्तातदंशेकुंठितैवेत्यर्थः ननुफलंहियज्ञैर्वेदेप्रतिपाद्यते वेदांतेषुतुयज्ञाप्रतिपादनात्फलाभावेनतेषांवेदोषरत्वमतः किंतद्विचारेणेत्यतस्तद्विचारेपिनधर्मजिज्ञासायाः कुंठितत्वमतआहुः परमात्मेत्यादि धर्मब्रह्मणिचेति धर्मकांडेब्रह्मकांडेच तत्रकांडद्वयस्था श्रुतीर्दर्शयंतिविराजमित्यादि अत्रविराजमित्यादयः पूर्वकांडस्थाः नसपुनरावर्त्ततइतिछांदोग्योपनिषत्स्थंयएवंवेदप्रतितिष्ठतीतिभृगूपनिषत्स्थं तथा च पूर्वकांडवदुत्तरकांडेपि चतुर्णां फलानांश्रावणादुषरत्वमसंगतमितिमीमांसकमतेधर्मजिज्ञासाकौंठ्यमपरिहार्यमेवेत्यर्थः एवमत्रजिज्ञासाया कुंठितत्वं साधनेनधर्मोनसर्वस्य वेदस्यार्थः किंतुपूर्वकांडस्यैवार्थइतिसिध्यति तथा

सतिवेदांतेषुवेदत्वमपौरुषेयशब्दत्वाद्वापरमात्मवाक्यत्वाद्वावक्तव्यंतदा-
प्येकार्थत्वाभावाद्विभागेसाकांक्षत्वाभावाच्चतयोरेकवाक्यत्वाभावेन भिन्न-
शास्त्रत्वमेवेतिकथंद्वयोरेकवाक्यत्वमितितान्प्रत्याक्षेपः पर्यवस्यति तत्रय-
दि प्रत्यक्षेणानुमित्यावायस्तूपायोनबुध्यते एतंविदंतिवेदेनतस्माद्वेदस्यवे-
दतेतिसायणीयएेतरेयब्राह्मणभाष्येसंमतित्वेनोपन्यस्तात्श्लोकात्प्रत्यक्षाद्य
गम्यश्रेयःसाधनस्यैवसर्ववेदार्थत्वमुपगम्यतेतदाप्यथातोऽलौकिकोपायाजि
ज्ञासेत्यकथनाज्जिज्ञासायाः कुंठितत्वंदुर्वारमेवेतिसिध्यति तत्रव्यवहारेभ-
ट्टनयमंगीकुर्वन्मायावादीवाजैमिनिप्रणीतसंकर्षणकांडाभिमानी वाकुंठतां
समाधत्तेतदनुवदंति अथेत्यादि नात्रवेदांतार्थविचाराभावेन कुंठतावेदा-
ध्ययनस्यउपनयनानंतरमध्ययनादिविधिनाप्राप्तत्वात्तस्यचार्थज्ञानार्थत्वा-
दर्थज्ञानस्यचविचारमंतरेणासंभवात्तत्रविचारः पूर्वकांडस्यैवाध्ययनादि-
विधिनाक्षिप्यतइतितदर्थस्य धर्मस्यैवात्रजिज्ञासाप्रतिज्ञाता नवेदांतार्थस्या
पि वेदांताध्ययनंतु तैत्तिरीयेभार्गव्यांविद्यायां भृगुर्वैवारुणिः वरुणंपित-
रमुपससार अधीहिभगवोब्रह्मेति तस्माएतत्प्रोवाचेति छांदोग्येअधीहि-
भगवइतिहोपससादसनत्कुमारंनारदस्तं होवाचयद्वेत्थतेनमोपसीदततस्त-
उर्ध्वंवक्ष्यामीत्यध्यापनाध्ययनलिंगात्सन्यासइतिपूर्वंतदाधिकाराभावात् प-
श्चान्मुमुक्षुत्वादिसाधनचतुष्टयसंपत्तिरूपेवासंकर्षणकांडोक्तेन्यस्मिन्त्राधि-
कारेसंपन्नेतदर्थंव्यासेनजैमिनिनाचतद्विचार पृथगेवकृतइतिविषयभेदान्न-
धर्मजिज्ञासायाः कुंठतानापिपृथग्विचारादेकवाक्यत्वस्यवेदत्वस्यवाहानिः
तमेतंवेदानुवचनेनब्राह्मणाविविदिषंतिब्रह्मचर्येणयज्ञेनतपसाश्रद्धयाऽनाश-
केनेतिवाक्येनवेदानांवेदांतशेषतयैकवाक्यत्वस्यवेदांतेषुचमंत्रब्राह्मणात्म-
कत्वेनवाअपौरुषेयशब्दत्वेनवापरमात्मवाक्यत्वेनवावेदत्वस्यचसत्वादि-
त्यर्थः एवंमतांतरेणप्रतिज्ञांतरमालंब्यदोषेपरिहृतेतन्मतीयमेकवाक्यत्वप्र-
कारंदुषयितुंपूर्वोक्तंस्मारयाति समाप्तिश्चेत्यादि अनंतरंपठितेति एतद-
नुशासन मुक्त्वा समाप्तौ सैषावेदोपनिषदिति वाक्येन पठिता तथा
च यदि भवदुक्तरीत्यैकवाक्यत्वमभिप्रेतंस्यात् वेदसमाप्तिंअनंतरभाग-

स्योपनिषत्त्वंचनवदेदतोनतथैकवाक्यमित्यर्थः ननुशिक्षायांवेदमनुच्य-
तिऋकामत्ययेनवेदाध्यापनोपानिषदध्यापनयोरेककर्त्तृकतावेदाध्यापनस्य-
पूर्वकालिकताचलभ्येतत्कास्तत्रैवानुशासनात् नतुशास्त्रसमाप्तिरपिअतो
यत्रैकाचार्यकतातत्रोपनिषदांपश्चात्पाठोर्थप्राप्तोनूद्यतइतिनतयोः शास्त्र-
भेदकत्वं आचार्यांतरेणतत्पाठनेतदभावादत कथमेकवाक्यत्वाभा-
वइत्यतआहुः आचार्यांतरेपीत्यादि आचार्यांतरेयदध्ययनमापाद्यतेतात्किं-
ब्रह्मचर्यउतसंन्यासे तत्रयद्याद्यः पक्षस्तदातुगुणोपसंहारन्यायेनपूर्वकांडा-
ध्ययनमेवब्रह्मचर्येब्रह्मचर्येविहितंयत्पूर्वकांडाध्ययनं ब्रह्मचारिणस्तदध्या-
पनंवातद्गुणभुतस्याचार्यांतरस्यसमानविषयएवाध्ययन अध्यापनेउपसंहा-
रप्राप्तेः उपसंहारोर्थाभेदादितिसूत्रेतथैव सिद्धत्वात् नोत्तरकांडस्यसमा-
नविषयत्वाभावात् अतआचार्यांतरेपितदध्ययनानंतरंवेदमधीत्यस्नायादि
तिसमावर्त्तनस्य प्राप्तेनतस्यशास्त्रसमाप्तिबाधकत्वंनवाउपनिषदानतंयबाध-
कत्वमतः शास्त्रभेदोनिराबाधः अथसंन्यासेतदातुतन्मते केवलज्ञा-
नस्यैवमोक्षहेतुत्वांगीकाराद्विविदिषंतीतिश्रुत्याविविदिषायामेववेदोक्तसा-
धनानामंगीकारेणज्ञानशेषतायाअपिवेदेष्वभावान्नतथाप्येकवाक्यत्वंइच्छा-
याअपुरुषार्थत्वेनवेदानामपुरुषार्थपर्यवसायित्वंवेदप्रयोगाभावापत्तिश्चेत्य-
धिकंदोषद्वयमित्यर्थः ननुयदिनैकवाक्यत्वंतदेदानींकुतएकस्मादाचार्या-
दाचार्यांतराद्वाब्रह्मचर्यएवपठंति तदेवशिष्टाः पाठयंति चेत्यतआहुः सौ-
कर्येत्यादि पश्चादेवेति साधनचतुष्टयसंपत्यानंतर्यादेभेवाद्भिरंगीकारात्तथे-
त्यर्थः ननुतर्हिविचारपश्चात्त्वमाधिकारभेदकृतंनशास्त्रभेदकृतमितियदुक्तंत-
दप्याद्रियतामित्यतआहुःअतएवेत्यादिअतएवेतिशास्त्रभेदादेवतत्रहेतुःसांग
इत्यादितथाचस्वकल्पितयुत्क्यपेक्षयाउपबृंहणसिद्धस्यबलिष्ठत्वाद्वाक्यभेदप-
क्षएवयुक्तइतितन्नाद्रियतइत्यर्थः ननुतर्हीयन्मते आश्रमांतरेपिविचार-
इत्यंगीक्रियतेअलौकिकोपायवेदकत्वरूपंवेदत्वमाद।यतन्मतेनैकवाक्यत्वम-
स्त्विवतिचेत्तत्राहुः अथवेत्यादिनवेदत्वमित्यादितन्मतेपिताद्दशंवेदत्वमुपानि-
षदांनयद्दितथाजैमिन्यभिप्रेतंस्याच्चदाजैमिनिः पूर्वधर्मजिज्ञासांप्रतिज्ञायतद

वांतरविचारत्वेनअथातःशेषलक्षणंअथातःक्रत्वर्थपुरुषार्थयोर्जिज्ञासेतियथाम ध्येउक्तवान् तथापूर्वेअथातोऽलौकिकोपायजिज्ञासेतिप्रतिज्ञायपश्चादेवतद्वि- शेषविचारत्वेनधर्मजिज्ञासामुपासाजिज्ञासांचप्रतिजानीयात्तथातुनास्तीति तादृशोपायविशेषावेदकत्वरूपंवेदत्वंतस्यनाभिप्रेतमुपनिषदां अतोनतद्री- त्यापिवेदैकवाक्यत्वंवेदांतानामित्यर्थः एवंसर्वतन्मतंदूषयित्वावैदिकाभि- ध्यानाद्यत्तेनप्रत्यवस्थितंतस्यशैथिल्येनतदुत्तरस्य पूर्वमनुक्तत्वादिदानींत- त्स्मृत्वाकदाचित्पुनः प्रत्यवतिष्ठेदित्यतस्तत्स्वरूपमाहुः स्वरादित्यादीति अपिः गर्हायांमूर्खः प्रत्यवस्थातेति इदंतुप्रागेवविवृतमितिनपुनरुच्यते तथा चतस्यशैथिल्यान्नतेन प्रत्यवस्थानंयुक्तमित्यर्थः यदेवेतिवाक्योत्तरस्यपूर्व सम्यगप्राप्तत्वात्तेनप्रत्यवतिष्ठासंतंप्रत्याहुः वाक्येनेत्यादि अनेनवाक्ये नतूपयोगमात्रमुच्यतेनतुशेषतानियंतुंशक्यते तथासतिफलश्रुतिकांडसमा- प्तयोर्विरोधापत्तेरितिप्रागेवोक्तमितिनतेनापिप्रत्यवस्थानावकाशइत्यर्थः न- नुश्राद्धेज्ञानोपयोगआनंत्यार्थः ज्ञाननिष्ठायदेयानिकव्यान्यानंत्यमिच्छते तिकथनात् सोपिसंप्रदानपुरुषद्वारा अत्रतुवाक्येकर्ममात्रपौष्कल्यंफलत्वे- नोच्यते तत्रद्वारं चेन्नवक्तुंशक्ष्यंतितदापराजेष्यंतीत्याशयेनाह यापीत्यादि तत्रोत्तरत्वेनसोपास्तिकंप्रकारमाहुः उच्यतइत्यादि लौकिकैःपदार्थैर्यज्ञोन- सिध्यतीतिगुणकर्मबोधकैर्व्रीहीन्प्रोक्षतीत्यादिवाक्यैः सांगोयज्ञोलौकिके षुपदार्थेष्वारोप्यते वैदिकेकर्मणितदुपकरणभूतस्यपदार्थस्यमूर्तेर्देवतास- भिधानेनदेवतात्ववत्वैदिकतासंपद्यतइत्येतदर्थं एतत्पूर्वकांडे सिद्धं उत्तर कांडेसन्मूलाः सोम्येमाः प्रजाः इदंसर्वंयदयमात्मेत्यादिवाक्यश्रावितेन ब्रह्मवादेनसर्वस्य प्रपंचस्य प्रापंचिकस्यचवस्तुनो ब्रह्मत्वअवगतेयज्ञोपि- सद्रूपत्वात्ब्रह्मात्मकएवभवति किंच यजमानस्यापराभवायप्रतिष्ठितोपिभ- वतितदुक्तंतैत्तिरीयसंहितायां वासिष्ठोहसात्यहव्योदेवभागंपपृच्छयत्संजया न्बहुयाजिनोपीयन्मेयज्ञोयज्ञंप्रत्यातिष्ठियाययज्ञपतावितिसहोवाचयज्ञपतावि- तिसत्याद्वैसृंजयाः पराबभूवुरितिहोवाचयज्ञेवावयज्ञः प्रतिष्ठाऽप्यआसीद्यज- मानस्यापराभवायेतीति किंच अयज्ञकालेपिपदार्थानांब्रह्मात्मत्वावगतौ-

तेषांवैदिकत्वंसिध्यति तथाचात्रापराभावादिफलार्थं ब्रह्मवादेनसर्वस्यब्रं-
ह्मात्मावगतिर्द्वारमित्यर्थः एवमुत्तरदानेनवैदिकेमतेवेदांतानां पूर्वोक्तार्द्ध-
जरतीयन्यायाद्वेदांतत्वमुपसंहृतं तेनकांडद्वयस्यापि सर्वेवेदायत्पदमामन-
न्तीति ओमित्येतदक्षरमिदंसर्वंतस्योपव्याख्यानमित्यादिश्रुतिभिः वेदैश्च
सर्वैरहमेववेद्यः वेदास्त्रिकांडविषयाब्रह्मात्मविषयाइमे परोक्षवादाऋषयः
परोक्षं च ममप्रियमित्यादिस्मृतिभिश्चब्रह्मविषयत्वेन फलश्रुतिरियंनृणांन
श्रेयोरोचनंपरंश्रेयोविवक्षयाप्रोक्तंयथाभैषज्यरोचनमित्यादिभिर्मोक्षैकप्र-
योजनत्वेनचैकवाक्यत्वं नान्यथातच्चेनांगीक्रियतेतदाकथमपिनैकवाक्यत्व
मितितन्मतउत्तरकांडस्यवेदांतत्वंनकथमपिसिध्यतीतितान्पर्यनुयुंजते ननु
वेदांतत्वंकथमिति कर्ममीमांसकमायावादिनोर्मतमालंब्यमांपर्यनुयुंजानैरु-
त्तरकांडस्यवेदांतत्वंस्वस्वमतेनसमर्थनीयमित्यर्थः एवंपर्यनुयुज्यपत्रावलं-
बनमुपसंहरंतितच्चेत्यादि ततएकवाक्यतापादकं मीमांसकादिमतंमायावा
दश्चकृष्णप्रसादेन निराकृतः नतुयुक्तिमात्रेण कृष्णप्रसादबीजंत्वत्रभगव
न्मतंब्रह्मवादस्थापनं एषतेभिहितः कृत्स्नोब्रह्मवादस्यसंग्रहइत्युद्धवंप्रत्येका
दशेभगवद्वाक्यात् ब्रह्मवादस्वरूपंतु सर्वेवेदायत्पदमामनंति इदंसर्वंयदय
मात्मावेदैश्चसर्वैरहमेववेद्यः वेदास्त्रिकांडविषयाब्रह्मात्मविषयाइमे अहमेवा
समेवाग्रइत्यादिश्रुतिस्मृतिप्रतिपादितं बोध्यं अत्रमानमाहुः आवैदिकइत्या
दि महादेवस्य आसमंताद्वैदिकत्वंतुवेदः शिवः शिवोवेदः वेदाध्यायिस-
दाशिवइतिशिवपुराणवाक्याद्बोध्यं अनुमतिरितिसाक्षिणीतिशेषः ननुयच्छ
ब्दार्थविचारेणोक्तंतत्मिमांसकादिभिर्वैदिकैर्मतव्यंनतुनैयायिकाद्यैरतोनै-
तावतानिर्वाहइत्यत आहुः तथा च एतेनशिष्टापरिग्रहाव्याख्याताइतिसूत्रेते
षांतथात्वबोधनात्तेऽप्रयोजकाइति तदनादरेप्यक्षतिरित्यर्थः ननुमहादेवा
देः साक्षित्वंकुतोहेतोरित्यतआहुः तथा च तोषादेव साक्षित्वंकरिष्यती-
त्यतउच्यते इत्यर्थः ननुशिवतोषार्थंइदंचेदेवंपत्रावलंबनस्यकिंप्रयोजन-
मतआहुः कस्यचिदित्यादि प्रतिवादिनः संदेहनिराकरणमेतत्प्रयोजन-
मित्यर्थः वादेजयपराजयसंभवात्तत्कृतंभयंनकर्त्तव्यमित्यर्थः तत्रहेतुः

ब्राह्मणानामियंगातिरिति पूर्वयाज्ञवल्क्यादिभिस्तथैवकरणात्त्रनदोषइ-त्यर्थः डिंडिस्त्वितिएतद्वादस्याप्रच्छन्नत्वादित्यर्थः एवंकरणप्रयोजनमाहुः विद्वद्भिरितितथा च सन्मार्गरक्षणमेतत्करणप्रयोजनमित्यर्थः एषपुष्पांज-लिः श्रीमदाचार्यचरणांबुजे निवेदितोमयातेनचापलंमेक्षमंत्विति।। इति-श्रीमद्वल्लभाचार्यचरणैकतानपीतांबरात्मजपुरुषोत्तमेनविरचितंपत्रावलंबन विवरणंसंपूर्ण ।।

પત્રાવલંબન.

શ્રીમદાચાર્ય જે વખતે કાશી પાસે ચરણાદ્રિમાં રહેતા હતા ત્યારે એમણે ભક્તિમાર્ગના પ્રચારમાં ઉપયોગી હોવાથી ઉત્તર-મિમાંસાના ભાષ્યથી બ્રહ્મવાદનો વિચાર કર્યો, અને જ્ઞાન અને કર્મના સમુચ્ચયના ઉપયોગને માટે પૂર્વમિમાંસાના ભાષ્યથી ધર્મ-સ્થૈર્યાદિકનો વિચાર કર્યો, તે વખતે માયાવાદ અને ભાટ્ટમતના પંડિતો વિવાદ કરવાની ઇચ્છાથી કાશીથી ચરણાદ્રિમાં આવ્યા, તે વખતે તેમની સાથે ચરણાદ્રિમાં વિવાદ કરવાથી ભગવત્સેવામાં પ્રતિબંધ થાય તેની નિવૃત્તિને માટે પોતે ચરણાદ્રિથી કાશીમાં આવીને એક પત્રમાં મર્યાદા મત લખી વિશ્વેશ્વરના દેવાલયના બારણાને વિષે સ્થાપન કર્યો. તે પત્રાવલંબન કહેવાય છે.

मूलम्—लौकिको वैदिकश्चैव व्यवहारो द्विधा मतः ।।
लोकसिद्धं पुरस्कृत्य वैदिको बोध्यते यथा ।।१।।

અર્થ—લૌકિક અને વૈદિક એવો બે પ્રકારનો વ્યવહાર મા-નેલો છે. લૌકિકસિદ્ધ વ્યવહારને આગળ કરી વૈદિક વ્યવહારનો યથાર્થ બોધ કરાય છે.

વિવરણ—વાદી અને પ્રતિવાદીનો વાદ તત્ત્વનિર્ણય ફળ-વાળો હોય તો તે વેદના પૂર્વકાણ્ડ અને ઉત્તરકાણ્ડને વિષે કર-વાને યોગ્ય છે. આ વાત જણાવવાને માટે લૌકિક અને વૈદિક વ્ય-વહારનો ભેદ કહી લૌકિક વ્યવહારનું વૈદિકમાં ઉપકારત્વ કહેવામાં

આવે છે. લૌકિક વ્યવહાર સંનિપાતરૂપ હોવાથી તે વ્યવહાર વિચાર કરવાને યોગ્ય નથી. લૌકિક વ્યવહારનું સંનિપાતરૂપત્વ ભગવાને શ્રીમદ્‌ભાગવતના એકાદશસ્કંધમાં કહેલું છે, કેમકે તે અહંતા મમતાથી થાય છે (व्यवहारः सन्निपातो मनोमात्रेंद्रियासुभिः। सन्निपातस्त्वहमिति ममेत्युद्धवयामतिः॥ આ વાકયોમાં કહેલો અહંતા મમતાજન્ય અને ઇંન્દ્રિયોથી થયેલો વ્યવહાર સન્નિપાતરૂપ હોવાથી હીન છે; વૈદિક વ્યવહાર વિધિ નિયમિત હોવાથી તે થકી જુદા પ્રકારનો છે.[1] यएवास्मि स सन् यजे। એ શ્રુતિવડે સ્વભાવને દબાવીને કૃતિ કરવાને લીધે અને તેમાં સન્નિપાત કાર્યનો અ-ભાવ હોવાથી તે વ્યવહાર પ્રમાણિક છે. આ પ્રકારે બે વ્યવહા-રના ભેદ છતાં વૈદિક વ્યવહાર એકદમ હૃદયમાં આરોહિત થતો નથી, માટે લૌકિક વ્યવહારને આગળ કરી તેના સાદૃશ્યથી વૈદિક વ્યવહારનો બોધ કરાય છે, તેથી વૈદિક વ્યવહારનો બોધ કરવામાં લૌકિક વ્યવહાર ઉપકારક છે.

मूलम्—लोके शब्दार्थसंबंधो रूपं तेषां च यादृशम्
न विवादस्तत्र कार्यो लोकोच्छित्तिस्तथाभवेत् ॥ २ ॥

અર્થ—લોકમાં શબ્દને અર્થનો જે સાંકેતિક સંબંધ છે અને તેઓનું જેવું રૂપ છે તેને વિષે વિવાદ કરવો યોગ્ય નથી. (જેવો છે તેવોજ માનવો) વિવાદ કરવાથી લોકનો ઉચ્છેદ થાય.[2]

---

1 જે હું છું તેજ યથાર્થ સ્વરૂપ વિદ્યમાન્ રહી યજન કરૂં છું.

2 सर्वेषां तु स नामानि कर्माणि च पृथक् पृथक्
वेदशब्देभ्य एवादौ प्रथक्संस्था च निर्ममे ॥
(મનુસ્મૃતિ અ. ૧–૨૧.)

અર્થ—સર્વના નામ અને કર્મ અને પ્રથક્ સ્થિતિ વેદ શબ્દથીજ બ્રહ્માએ નિર્માણ્ કરેલી છે, આ પ્રકારે હોવાથી તેમાં વિવાદ કરવો તે પોતાની વાણીથી લોકોચ્છેદન કરવા બરોબર છે અને તે કર્તવ્ય પાપ રૂપ છે તેથી સિદ્ધ રૂપમાં વિવાદ કરવો યોગ્ય નથી, શબ્દાર્થ અથવા નામરૂપ સન્નિપાત જન્ય નથી પરંતુ અહંતા મમતાજ સંનિપાતરૂપ છે તે ધ્યાનમાં રાખવું.

ટીકાઃ—ભગવાન એકાદશસ્કંધમાં કહે છે કે—

युक्तयः सन्ति सर्वत्र भाषन्ते ब्राह्मणा यथा। नैतदेवं यथात्थत्वं यदहं वच्मि तत्तथा ॥ एवं विवदतां हेतुः शक्तयो मेदुरत्यया

અર્થ—જેમ બ્રાહ્મણો કહે છે તેમ સર્વ સંકેત (વાક્ય) માં યુક્તિયો છે. તું કહે છે તે પ્રમાણે નહિ પણ હું કહું છું તે પ્રમાણે છે. આ પ્રમાણે વિવાદ થવાનો હેતુ ઉલ્લંઘન ન કરી શકાય એવી મારી શક્તિયો છે, માટે સિદ્ધરૂપ લૌકિકનું ઉપકારકત્વ માત્ર ગ્રહણ કરવાને યોગ્ય છે. તેનાથી કાંઇ તત્ત્વ નિશ્ચય કરવાનો નથી, તેથી તેમાં વિવાદ કરવો વ્યર્થ હોવાથી કર્ત્તવ્ય નથી.

मूलम्—ब्रह्मवादे निरुक्तिस्तु न वक्तव्यैवकुत्रचित् ।
वस्तुतो ब्रह्म सर्वं हि व्यवहारस्तु लोकतः॥३॥

અર્થ—બ્રહ્મવાદને વિષે કોઇ વખત અન્યાર્થ કલ્પના કરવાને યોગ્ય નથી, કેમકે વસ્તુતાથી આ બધું સર્વ બ્રહ્મ છે. અને લોક થકી વ્યવહાર છે.

ટીકા—અખંડ બ્રહ્મવાદથી વૈદિક વ્યવહાર સિદ્ધ થાય છે. તેથી પણ અન્યાર્થ કલ્પના કરીને વિવાદ કરવો યોગ્ય નથી, અને સખંડ બ્રહ્મવાદમાં પ્રજાયેય એ પ્રકારની ઇશ્વર ઇચ્છાથી લોક અથવા પ્રપંચ વેદસમ્મત હોવાથી વિવાદ કરવાને યોગ્ય નથી.

मूलम्—ये धातुशब्दा यत्रार्थे उपदेशे प्रकीर्त्तिताः
तथैवार्थो वेदराशेः कर्तव्यो नान्यथा क्वचित् ॥४॥

અર્થ—જે ધાતુઓ અને શબ્દો ઉપદેશમાં (ધાતુપાઠ અને નિઘંટુરૂપ કોશમાં) જે અર્થમાં કહેલા છે તેજ અર્થને અનુસારે વેદનો અર્થ કરવો, કોઈ પણ વખતે અન્યથા કરવો નહિ.

मूलम्—कांडद्वयार्थसिद्ध्यर्थं स्वाध्यायविधिरुच्यते ।
वाक्यत्रयं तथा वेदेऽनारभ्याधीतमेवहि ॥५॥

અર્થ—-બંને કાંડનું પ્રયોજન સિદ્ધ થવાને માટે સ્વાધ્યાય વિધિ નિરૂપણુ કરાય છે, અને તે પ્રકારનો બોધ કરવાને માટે વેદમાં ત્રણુ વાકયો સર્વને સાધારણુતા વડે કહેલાં છે.

ટીકા—-વિધિ વગર અધ્યયન કરેલા વેદથી ધર્મ અથવા તેના થકી ઉત્પન્ન થયેલું ફળ સિદ્ધ થતું નથી, માટે વેદમાં સ્વાધ્યાયના પ્રકારનું નિરૂપણુ કરેલું છે. તે પ્રકારનાં બોધક ત્રણુ વાકયો છે. તે નીચે પ્રમાણે છે.

स्वाध्यायोऽध्येतव्यइत्येकः । अष्टवर्षं ब्राह्मणमुपनयीत । तमध्यापयेदित्यपरः । साङ्गो वेदोऽध्येयो ज्ञेयश्चेत्यन्यः ॥

આ ત્રણે વાકયો સર્વ શાખાવાળાઓને સમાન છે કેમકે તેમાં કહેલા પ્રકારથી સર્વ અધ્યયન કરાવે છે અને અધ્યયન કરે છે.

मूलम्—एकार्थता तु सर्वत्र विशेषोप्युच्यते स्फुटः ।
स्वाध्यायशब्दो वेदे हि रूढो योगोऽपि वर्तते ॥६॥

અર્થ—સર્વ વાકયને વિષે એકવાકયતા છે તો પણુ તેમાં વિશેષ છે તે સ્ફુટ કહેવાય છે. સ્વાધ્યાય શબ્દ વેદમાં રૂઢ છે તેમ યૌગિક પણુ છે. ૬

ટીકા—-એક વાકયથી સ્વાધ્યાય વિધિ કહી શકાય તો ત્રણુ વાકયનું શું પ્રયોજન છે? એ શંકાના નિરાસને માટે કહે છે કે ત્રણે વાકયોને વિષે સ્વાધ્યાય પ્રકારના બોધનથી એકવાકયતા છે, તોપણુ તેમાં વિશેષ હોવાથી ત્રણે વાકયોનું પ્રયોજન છે. પ્રયોજન કેવા પ્રકારથી છે તે જણાવવાને માટે પ્રથમ વાકયમાં જે વિશેષ અર્થ રહેલો છે તે, પાંચ શ્લોકથી બતાવે છે. સ્વાધ્યાય શબ્દ વેદમાં રૂઢ છે એટલે તેનો અર્થ વેદજ થાય છે. તેમ સ્વાધ્યાય શબ્દ યૌગિક પણુ છે, અને તેનો અર્થ, સારી રીતે ચોતરફથી અધ્યયન કરાય તેનું નામ સ્વાધ્યાય (વેદ), આવી રીતે યૌગિક અર્થથી પણુ વેદ જ અર્થ થાય છે.

मूलम्–सुश्रुसमंतादध्येयः शोभनैर्नियमैर्युतः
देशकाले गुरौ स्वस्मिन्नपेक्षंते गुणा इहः ॥ ७ ॥

અર્થ—સુંદર નિયમથી વેદ અધ્યયન કરવો જોઇએ, દેશકાળમાં અને ગુરૂને વિષે સ્વાધ્યાયમાં ગુણો અપેક્ષિત છે.

ટીકા—સ્વાધ્યાય શબ્દમાં 'સુ' ઉપસર્ગ છે, તેનો અર્થ કહે છે. ગુરૂએ સુંદર નિયમથી વેદ અધ્યયન કરવો જોઈએ. આ ઠેકાણે દેશકાળ અને ગુરૂશિષ્યમાં રહેલા ગુણો 'સુ' ઉપસર્ગથી બોધિત થતા નથી પણ કેવળ ગુરૂને વિષે જ ગુણ કહેવામાં આવે છે. 'હિ' શબ્દ નિશ્ચયાત્મક છે એટલે ગુરૂએજ સુંદર નિયમથી વેદ અધ્યયન કરવો જોઇએ એમ સ્પુટ થાય છે.

मूलम्–आ सर्वतः पुनस्तत्र यथा शंका न जायते ॥
शब्दे चार्थे ह्यनुष्ठाने तथाध्येयो हि वैदिकैः ८॥
अपर्णताद्यपहतपाप्मादिसकलैर्गुणैः ।
प्रजापतिमुखैर्वेदो यथाहि पठितः पुरा ॥ ९ ॥

અર્થ—(શ્લોક ૮):—તે સ્વાધ્યાયમાં, શબ્દમાં, અર્થમાં અને અનુષ્ઠાનમાં, જેમ શંકા ઉત્પન્ન ન થાય તેમ વૈદિકોએ સર્વ પ્રકારે સ્વાધ્યાય (વેદ) અધ્યયન કરવાને યોગ્ય છે.

ટીકા—'સુ' ઉપસર્ગનો અર્થ સાતમાં શ્લોકમાં બતાવી આઠમા શ્લોકમાં 'आ' ઉપસર્ગનો અર્થ બતાવવામાં આવે છે.

એ પ્રમાણે અધ્યયન કરવાથી અધ્યયન કરનારને વિષે જે અતિશય થાય છે તે પણ બે શ્લોકથી કહેવામાં આવે છે. શ્રુતિમાં કહેલું છે કે ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ ત્રણ ઋણવાળો થાય છે. ત્રણ કાર્યથી તે ત્રણ ઋણોથી મુક્ત થવું જોઇએ. બ્રહ્મચર્ય વડે કરીને, વેદાધ્યયન કરીને ઋષિના ઋણ થકી મુક્ત થવું; યજ્ઞવડે દેવના ઋણથી મુક્ત થવું; અને પ્રજોત્પાદન કરીને પિતૃઋણથી મુક્ત થવું. એ પ્રમાણે શ્રુતિમાં કહેલું છે. સ્મૃતિમાં પણ કહેલું

છે કે બ્રાહ્મણ ઋષિ, દેવ, અને પિતૃના ઋણની સાથે ઉત્પન્ન થયેલો છે. અધ્યયન, યજ્ઞ અને શ્રાદ્ધાદિ દાનવડે તે ઋણ તર્યા સિવાય જો ત્યાગ કરે તો તે પતિત થાય છે. ઈત્યાદિ સ્મૃતિ વાક્યોથી બ્રહ્મચર્યપૂર્વક અધ્યયન કરવાથી ઋષિઋણ દૂર થાય છે. નવમા શ્લોકમાં "अपर्णतादि" છે. પદથી વેદમાં કહેલાં સાધન કરવામાં અને તેના ફલની પ્રાપ્તિમાં સ્વરૂપયોગ્યતારૂપ અધિકાર અધ્યેતાનો (અધ્યયન કરનારનો) ઋણ દૂર થવાથી થાય છે. ઋણ રહિત અને જેઓનાં પાપ હણાઇ ગયેલાં છે એવા સકલ ગુણયુક્ત પ્રજાપતિ પ્રભૃતિ પુરૂષોએ પૂર્વે જેમ વેદનું અધ્યયન કરેલું છે તેમ વૈદિક પુરૂષોએ વેદાધ્યયન કરવું.

વિવેચન—" अपहतपाप्मा स्वाध्यायो देवपवित्रम् " એ શ્રુતિમાં સ્વાધ્યાયનું અપહતપાપ્મત્વ કહેલું છે. મૂળમાં વાપરેલા આદિપદથી અધ્યયમ કરેલા વેદનું અયાતયામત્વ (વિસ્મૃતિ રહિતપણું) થાય છે. અને બન્નેથી સાક્ષાત્ અને પરંપરા વડે કરીને વેદના સંસ્કાર વડે તે વેદનું સ્વાધ્યાયત્વ થાય છે નહિતો.

" छंदांस्येनं प्रजहतिकाले नीडं शकुन्ता इव आतपक्षाः "

અર્થ—જેમ પાંખો આવતાં પંક્ષીઓ માળાનો ત્યાગ કરે છે તેમ જે પુરૂષો વેદનું અધ્યયન કરતા નથી તેઓનો વેદ ત્યાગ કરે છે.

માટે પ્રજાપતિ પ્રભૃતિ સકલ ગુણવાળાએ જેમ વેદાધ્યયન કરેલું છે. તેમ વૈદિકોએ વેદાધ્યયન કરવું.

मूलम्—तादृग्गुणविशिष्टोऽत्र वेदः स्वाध्याय उच्यते ॥
तव्यस्त्वावश्यके प्रोक्तो न विधिर्ज्ञातृ बोधनात्॥१०॥

અર્થ—ઉપર કહ્યા પ્રમાણે અપહતપાપ્મ અને અયાતયામત્વ ગુણયુક્ત વેદ આ વાક્યમાં સ્વાધ્યાય કહેવાય છે.

'अध्येतव्य'—એ ક્રિયામાં तव्य પ્રત્યય આવશ્યકમાં છે. પણ જ્ઞાતાને બોધન કરવાવાળો હોવાથી પ્રત્યય વિધિબોધક નથી.

વિવેચન--" स्वाध्यायमधीयीतैकामृचं यजुः सामवा तद्ब्रह्मयज्ञः संतिष्ठत इति "

સ્વાધ્યાયનું અધ્યયન કરવું, એક ઋચાયજુ અથવા સામનું અધ્યયન કરે તો તે બ્રહ્મયજ્ઞ થાય છે. એ પ્રકારે બ્રહ્મયજ્ઞ બતાવી તેનું ફલ અને તેનો યજ્ઞત્વ સંપત્તિ પ્રકાર કહીને આગલા અનુવાકથી કેટલાએક તેના પૂર્વાંગોનું વિધાન કરીને આગલ કહ્યું છે કે प्रागासीनः स्वाध्यायमधीयीत પૂર્વાભિમુખ સ્થિતિ કરીને સ્વાધ્યાયનું અધ્યન કરવું; એ પ્રકારે સ્વાધ્યાયનું વિધાન કરીને ચાર અનુવાકથી તેનો પ્રકાર કહેલો છે, તેમાં સ્વાધ્યાયનું અપહત પાપ્મત્વ અને તેના અધ્યયન વગર નિંદિતત્વ અને સ્વર્ગનો અભાવ પ્રતિપાદન કરી આગળ કહે છે स्वाध्यायोऽध्येतव्यो यं यंक्रतुमधीतेनेनास्येष्टं भवति તે હેતુથી સ્વાધ્યાયનું અધ્યન કરવું જે જે કર્મનો જે અભ્યાસ કરે છે તે વડે તેનું ઇષ્ટ થાય છે; એ સંદર્ભમાં જ્ઞાનપૂર્વક અધ્યયન કહેવાથી આ સ્થળે વિધિ નથી. કેમકે વિધિ અપ્રાપ્ત અર્થ બતાવે છે, જો ભિન્ન વાક્યનો સ્વીકાર કરે તો પણ આ વાક્યથી ઉપસંહાર હોવાથી વિધિ નથી. તવ્યનો આવશ્યકમાં સ્વીકાર કરવાથી अनधीयाना व्रात्या भवन्ति વેદનું અધ્યયન નહિ કરનારા વ્રાત્ય થાય છે. આ વાક્યની વ્યર્થતાની શંકા પણ લાવવી નહિ, કેમકે તવ્યનું ભાવ, કર્મ, વિધિ, અનુવાદ, પ્રાપ્તકાલ અને આવશ્યકાદિ અર્થને વિષે વિધાન હોવાથી તેજ અર્થનો નિશ્ચય કરાવે છે. આ હેતુથી तव्य આવશ્યકમાંજ સ્વીકારવો એજ ઉચિત છે. अनधीयाना व्रात्या भवन्ति આ વાક્યની સાંનિધ્યમાં स्वाध्यायोऽध्येतव्यन હોવાથી तव्य પ્રત્યય પૂર્વવાક્યનો નિર્ણાયક ન થઇ શકે એમ પણ શંકા કરવી નહિ, કેમકે જૈમિનિ સૂત્રમાં अपितु वाक्यशेषः स्यादन्याय्यत्वाद्विकल्पस्य " विधीनामेकदेशः स्यात "। આ સ્થલમાં यजातिषु ये यजामहे करोतिनानुयाजेषु "

એ દૂર રહેલા વાક્યનો પણ તેના અર્થનો નિશ્ચય કરીને જૈમિનિએ અંગીકાર કરેલો છે. ભટ્ટ વાક્યમાં પણ એવું કહેલું છે કે—

येन यस्यार्थसंबंधो दूरस्थेनापि तेन सः ।
अर्थतोह्यसमर्थानामानंतर्यमकारणम् ॥

અર્થ—દૂર રહેલા પણ જે વાકયની સાથે જેનો અર્થથી સંબંધ થતો હોય તે વાકયની સંગાતેજ તે વાકયનો સંબંધ સમજવો. અર્થ થકી અસમર્થ વાકયોનું આનન્તર્ય (સાંનિધ્ય) સંબંધ પ્રત્યે કારણ નથી.

मूलम्—स्वाध्यायपदतो ज्ञेयं तन्माहात्म्यफलं तथा ॥
ज्ञातृज्ञापनतासिद्ध्यै द्वितीयं वाक्यमीर्यते ॥११॥

અર્થ—સ્વાધ્યાય પદ થકી તેનું માહાત્મ્ય તથા ફલ જાણવા યોગ્ય છે. જ્ઞાતાની જ્ઞાપકતાની સિદ્ધિને માટે બીજું વાકય કહેવામાં આવે છે.

વિવેચન—ઉપર કહેલા અર્થનો ઉપસંહાર કરવા માટે સ્વાધ્યાય પદનું યૌગિક અર્થ જ્ઞાન આવશ્યક છે તે જણાવવા વાસ્તે કહે છે.

જેમ દર્શાદિપદથી પાંચ યજ્ઞનું સમુદાયથી ઐકય જ્ઞાપન છે, તેમજ સ્વાધ્યાય પદથી સર્વ વેદના ઐકય જ્ઞાપનવડે મહત્વ જણાવેલું છે તે જાણવાથીજ ફલ થાય છે, અન્યથા ફલ થતું નથી માટે સ્વાધ્યાય પદને વિષે યોગનો આદર આવશ્યક છે.

પોતાને અસાધારણત્વવડે પિતામાતામહાદિ પરંપરાથી પ્રાપ્ત થયેલી શાખા સ્વાધ્યાય કહેવાય એ પ્રકારે સાયણ ભાષ્યમાં યોગ કહેલો છે. તેમાં શ્રુતિ સ્મૃતિમાં કહેલા અધ્યયન નિયમોનું અને વેદાર્થાદિ સંદેહ નિરાસનું આવશ્યકત્વ હોવાથી તે કહેલો યોગ પણ નિર્બાધ છે અને તે આ વખતના મંદ બુદ્ધિના પુરૂષોને તેટલા સંકોચથી ફલની પ્રાપ્તિને માટે કહેલો છે. તેમ સમજવું, એ પ્રકારે સ્વાધ્યાયના અધ્યયનને વિષે બાલકનો અધિકાર નથી પરન્તુ ગુરૂનો અધિકાર છે એમ સિદ્ધ કર્યું, ત્યાં એવી શંકા થાય કે અધ્યયનમાં પ્રવૃત્તિ ન થાય, એ શંકાની નિવૃત્તિ

(વાચકવર્ગને વિનંતી.)

આ મૂળ ગ્રંથનો નીચેનો બારમો શ્લોક સરતચુકથી લખવો રહી ગયો છે તે પૃષ્ઠ ૪૨ નીલીટી ત્રણપછી વાંચવો તે પછી તેનો શબ્દાર્થ નીચેથી વાંચવો

मूलम्—वसुरुद्रादित्यवर्षैस्त्रया वर्णाः क्रमाद्द्विजाः
अध्याप्या इति तस्यापि नियोगः श्रुतिचोदितः॥१२॥

માટે બીજા વાકયમાં રહેલો વિશેષ સ્ફુટ કરવામાં આવે છે વૈદિક શબ્દાદિક વિષે આચાર્યનું જ્ઞાપકત્વ સિદ્ધ કરવા માટે બીજું વાકય કહેવામાં આવે છે.

દ્વિજ (બ્રાહ્મણ ક્ષત્રિય, અને વૈશ્ય) ને આઠમે, અગિયારમે અને બારમે વર્ષે અધ્યયન કરાવવાનો નિયોગ (આજ્ઞા) શ્રુતિમાં કરેલો છે.

ટીકા—अष्टवर्षं ब्राह्मणमुपनयीत" એ વાકય બ્રાહ્મણને યજ્ઞોપવીત આપવાનો કાલ બતાવે છે, તેમ ક્ષત્રિય અને વૈશ્યને અગ્યારમે અને બારમે ઉપનયનનો કાલ સ્મૃતિમાં બતાવ્યો છે; તેથી ત્રણ વર્ણનું દ્વિજત્વ હોવાથી તેઓને વેદનો અધિકાર છે, તેને માટે અધ્યયન રૂપ કાર્યમાં પ્રવર્તનરૂપ નિયોગ શ્રુતિમાં કરેલો છે "णी" ધાતુ સંમાનન, ઉત્સંજન, આચાર્યકરણ, ભૃતિ, નિગણુન, અને વ્યયમાં પ્રવર્તે છે. 'उपनयीत' અને अध्यापयीत એ ક્રિયામાં લિંગ્લકાર હોવાથી અધ્યયન અને ઉપનયન તે બેથી વિધિ પ્રાપ્ત થાય છે, પોતાના આચાર્યત્વ માટે વેદજ્ઞાતાએ તે ત્રણ વર્ણોને ઉપનયન આપ્યા પછી અધ્યયન કરાવવું. બાલકનું અધ્યયન અધ્યાપનવિધિપ્રયુક્ત હોવાથી બાળકના અધ્યયનમાં પણ પ્રવૃત્તિ વિધાનરૂપ શ્રુતિમાં રહેલો વિધિ છે. આ શ્લોકમાં નિયોગ કહેલો હોવાથી આ વાકયને વિષે પ્રાભાકર મતનું પ્રમાણિકત્વ બોધન કરેલું છે.

ટીપણુ—મીમાંસકમાં ભાટ્ટ અને પ્રાભાકર એમ બે મત છે તેમાંથી આ સ્થલે પ્રાભાકરનું માનવું આદરણીય છે.

मूलम्—पराधीनतया बाले न विधिः श्रुतिचोदितः ।
तथाध्ययनसिध्यर्थं तृतीयं वाक्यमीर्यते ॥ १२ ॥

અર્થ—શ્રુતિમાં કહેલો વિધિ બાળકની પરાધીનતા હોવાથી તેને માટે હોઈ શકે નહિ (પણ તે વિધિ ગુરૂને વિષેજ છે.)

તેવા અધ્યયનની સિદ્ધિને માટે ત્રીજું વાક્ય શ્રુતિમાં કહેવાય છે.

વિવેચન—કોઇને એમ શંકા થાય કે વિધિ ગુરૂને માટેજ છે એવા આગ્રહનું શું કારણ છે. અધ્યયનની વિધિ વડે બાલકની અધ્યયનમાં પ્રવૃત્તિ થવામાં શું બાધક છે? એ શંકા નિવૃત્તિ થવા માટે કહેવામાં આવે છે કે, બાલકને વિષે વિધિનો અંગીકાર કરવાથી વિધિ વ્યાપાર કુંઠિત થાય છે, માટે બાળકને વિષે વિધિનો આદર કરી શકાતો નથી, એ પ્રમાણે બીજા વાકયમાં રહેલો વિશેષ સ્પષ્ટ કર્યો. એ પ્રકારે અધ્યાપનવિધિવડે બાલકની અધ્યયનની પ્રવૃત્તિ સિદ્ધ થયે ગુરૂપણાથકી અક્ષરગ્રહણ માત્રથી ગુરૂત્વ સિદ્ધ થશે કેમ કે યાજ્ઞવલ્કયસ્મૃતિમાં કહ્યું છે કે—"उपनीयदद्द्वेदमाचार्यः स उदाहृत" ઉપનયન સંસ્કાર કરી વેદને આપનાર આચાર્ય કહેવાય છે. એ વાકયમાં અક્ષરગ્રહણ માત્ર આવે છે. પણ અધ્યયન અક્ષરજ્ઞાનપર્યંત નથી, અને તેમ થવાથી 'स्वाध्याय' પદમાં યોગનો આદર કરેલો અનર્થક છે.

એવી આકાંક્ષા થવાથી ત્રીજા વાક્યમાં રહેલો વિશેષ અઢી શ્લોકવડે કરીને સ્ફુટ કરે છે. સાંગવેદનું અર્થજ્ઞાપનપૂર્વક અધ્યયન સિદ્ધ થવા માટે ત્રીજું વાકય કહેવાય છે. ૧૨.

मूलम्—सांगेधीते तथा ज्ञाते स्वाध्यायस्तस्य सिद्ध्यति ।
अध्यापनप्रयुक्तं हि प्रथमं लिङ्गप्रयोगतः ॥ १३ ॥

અર્થ—ગુરૂ સાંગવેદ અધ્યયન કરે અને જાણે તો શિષ્યનો સ્વાધ્યાય સિદ્ધ થાય છે, વિધ્યર્થક લિંગલકારના પ્રયોગથકી અધ્યાપનપ્રયુક્ત અધ્યયન સિદ્ધ થાય છે.

मूलम्—आत्मने पदतः स्वस्य स्यातां वृत्तिश्चसेत्स्यति ।
उपनीयतु यः शिष्यं वेदमध्यापयेत् द्विजः ॥१४॥
स रहस्यं तदंगं च तमाचार्यं प्रचक्षते ।
स्वातंत्र्ये च तथा जाते तस्यावश्यकमीर्यते ॥ १५ ॥

અર્થ—'ઉપનયીત' એ ધાતુમાં આત્મનેપદ હોવાથી સાં-

ગવેદનું અધ્યયન અને જ્ઞાન ઉપનયન કરાવનાર ગુરૂને હોવું જોઇએ, અને ધાતુ આત્મનેપદ હોવાથી વૃત્તિ પણ ગુરૂની સિદ્ધ થવાની છે. જે બ્રાહ્મણ ઉપનયન કરીને શિષ્યને રહસ્ય અને અંગ સહિત વેદ ભણાવે તેને આચાર્ય કહે છે (વયથી) શિષ્યનું સ્વાતંત્ર્ય થયે તેને અધ્યયન આવશ્યક કહેવાય છે.

ટીકા—ઉપનયીત એ વાક્યમાં 'ञित्' ધાતુનું આત્મનેપદ હોવાથી વેદાધ્યયન કરાવનાર ગુરૂને સાંગ અધ્યયન અને તેનું અર્થજ્ઞાન હોવું જોઇએ, તેમજ વૃત્તિ (જીવિકા) પણ તેથી સિદ્ધ થવી જોઇએ, કેમકે આત્મનેપદ ધાતુનું ક્રિયાફલ આત્મગામી છે, ञित् ધાતુનો અર્થ આચાર્ય કરણરૂપ થાય છે, અને આચાર્યનું લક્ષણ શ્રુતિમાં કહ્યા પ્રમાણે હોવાથી તેને પ્રથમ અધ્યયન અને અર્થજ્ઞાન હોવાંજ જોઇએ. વળી 'आचार्यवान् वेद' એ શ્રુતિમાં आचार्यवान् ને બ્રહ્મજ્ઞાન કહેલું છે તે પણ અધ્યાપન દ્વારાજ છે. ગુરૂને બ્રહ્મજ્ઞાન હોવાથી તે શિષ્યને જણાવે તોજ તેને જ્ઞાન થાય છે. પુરાણમાં પણ आचार्यं मामृविजार्नीयात् એ વાક્યમાં આચાર્યને વિષે ભગવદ્ બુદ્ધિ કરવાની કહી છે. બીજી શ્રુતિમાં આચાર્યસભાને વિષે શિષ્યને ગમન કહેલું છે. એ બંને અવશ્ય કર્તવ્ય છે, પરંતુ વયવડે શિષ્યનું સ્વાતંત્ર્ય થાય છે, પણ બાલપણમાં નથી, કેમકે બાલપણમાં બાલક ક્રીડાસક્ત હોય છે, માટે શ્રુતિમાં કહેલ અધ્યયન અને જ્ઞાનનો વિધિ બાલકને માટે નથી, પણ ગુરૂને માટે છે, અને એ બંને અધ્યાપન વિધિ પ્રયુક્ત બાલકને પ્રાપ્ત છે.

मूलम्--मर्यादाभंगतः केचित् कृत्ये विध्यर्थतां जगुः ।
शब्दार्थमनपेक्ष्यैव निर्णयं च स्वबुद्धितः ॥ १६ ॥

અર્થ—સ્વાધ્યાય (વેદ) અધ્યયન કરવો, એ વિષયમાં કોઈ ભટ્ટ મતના પંડિતો, શબ્દાર્થનો વિચાર કર્યા વગર સ્વબુદ્ધિકૃત નિર્ણયથી મર્યાદા ભંગના ભયને લીધે વિધિ કહે છે.

ટીકા—આ પ્રકારે ત્રણ વાક્યમાં રહેલો વિશેષ બતાવીને

આ વિષયમાં ભટ્ટ મત કહેવામાં આવે છે. स्वाध्यायोऽध्येतव्यः આ શ્રુતિ વાકયમાં तव्य પ્રત્યય આવશ્યકતા બતાવે છે, છતાં તેઓ ભટ્ટ મતના પંડિતો, પૂર્વે કહેલો શબ્દાર્થ નહિ જાણીને વિધિની કલ્પના કરે છે. આ કલ્પના સ્વબુદ્ધિ થકી છે. પણ શબ્દાર્થ વિચારથી નથી. તેઓ એમ કહે છે કે જો અધ્યયનમાં વિધિનો અંગિકાર ન કરીએ તો અગ્નિહોત્રાદિકને વિષે વેદાધ્યયન કરનાર ત્રણ વર્ણનોજ અધિકાર છે, વેદ નહિ અધ્યયન કરેલા શૂદ્રોનો અધિકાર નથી; આવી નિયમરૂપ મર્યાદા ભાગી જાય. જો અધ્યયન વિધિ ન હોય તો વિદ્વાનના અધિકારને લેઇને પ્રવર્ત થયેલાં અગ્નિહોત્રાદિ શાસ્ત્રો વિદ્યા વગર હોઇ શકે નહિ, તેથી તેઓના અનુષ્ઠાનને માટે વિદ્યાની જરૂર છે, એમ ન હોય તો ચારે વર્ણનો અગ્નિહોત્રાદિકમાં અધિકાર હોઈ શકે અને અધ્યયનમાં વિધિ હોવાથી વિદ્વાનનોજ તેમાં અધિકાર હોઈ શકે. वसंते ब्राह्मणमुपनयीत ઇત્યાદિ વાકયને વિષે ઉપનયનથી સંસ્કૃત થયેલા ત્રણ વર્ણો પોતાના કર્તવ્યની અપેક્ષા કરે છે, આ પ્રકારે અપેક્ષા સન્નિધિ અને યોગત્વથી જણાય છે કે ઉપનીત ત્રૈવર્ણિકોએ અધ્યયન વડે અક્ષર ગ્રહણની પરંપરાથી અર્થજ્ઞાન કર્તવ્ય છે, એ પ્રકારે ઉપનયન અને અધ્યયન વિધિની એકવાકયતાથી ત્રૈવર્ણિકોને યજ્ઞાદિ અધિકાર વિષય આ નિયમ વિધિ છે, આથી એમ સિદ્ધ થાય છે કે વિવાદાસ્પદ વેદાધ્યયન ભારતાધ્યયનની પેઠે અર્થ જ્ઞાન હેતુ છે. આ અનુમાનથી અર્થ જ્ઞાન પ્રાપ્ત હોવાને લીધે અહિં અપૂર્વ વિધિ નથી પણ દૃષ્ટાર્થજ સ્વાધ્યાયાધ્યયન વિધિ છે. દૃષ્ટ ફળનો લાભ થવાથી અદૃષ્ટ ફળની કલ્પના કરવી એ અનુચિત છે, વળી અધ્યયનને વિષે વિધિની કલ્પના કરવાથી તેમાં નિયોજ્ય કલ્પનાની આપત્તિ આવશે માટે અધ્યાપન વિધિથીજ તેની પ્રાપ્તિનો અંગિકાર કરવાથીજ ઉપનીતને અધ્યાપનમાં અધિકાર હોવાથી તેના થકીજ અધ્યયન પ્રાપ્તિ હોવાને લીધે વિધિની કલ્પના કરવી યોગ્ય નથી; એમ પણ કહેવું નહિ. ઉપનયન ક્રિયામાં બાલકનું કર્મત્વ હો-

વાથી તેનાજ પ્રાધાન્ય બોધન વડે અધ્યયનને વિષે વિધિ કહેવી તે યુક્ત છે, તેમહોવાથી નિયોજ્યત્વ કલ્પન આવશ્યક હોવાને લીધે દોષ આવતો નથી, જો અધ્યયનને વિષે વિધિનો અંગિકાર ન કરીએ તો ઉપનયન વિધિમાં અદષ્ટની કલ્પના સન્નિ-ધિનું વ્યર્થત્વ અને અધિકારીનિયમભંગ એ ત્રણ દોષ આવે અને વિધિ અંગિકાર કરવાથી ઉપનયનનું દષ્ટ ફલ અધ્યયન અને તેનું ફલ અર્થ જ્ઞાન, અને તેનું ફલ અગ્નિહોત્રાદિકનું અનુષ્ઠાન આ પ્રમાણે હોવાથી અદષ્ટ કલ્પના, સન્નિધિ વ્યર્થતા અને અધિકારી નિયમ ભંગનો દોષ આવતો નથી માટે स्वाध्यायो धेतव्यः એ સ્થળમાં વિધિ કહેવો એજ યોગ્ય છે. આ પ્રમાણે ભટ્ટ મતના પંડિતોનું કહેવું છે.

मूलम्—अध्यापनप्रयुक्तं हि तस्माद्ध्ययनंमतम् ॥
एतर्ह्यपि तथैवैतन्न कार्या कल्पनाततः ॥ १७ ॥

અર્થ—શ્રુતિમાં અધ્યાપન પ્રયુક્તજ અધ્યયન માનેલું છે, અને હાલમાં પણ તેજ પ્રમાણે અધ્યયન થાય છે. તેથી વિધિની કલ્પના કરવાની જરૂર નથી.

ટીકા—એ પ્રમાણે ભટ્ટ મતનો અનુવાદ કરીને તેની શિ-થિલતા કહે છે. અધ્યાપન વિધિ પ્રયુક્તજ અધ્યયન હોવાથી તે-મણે કહેલો દોષ આવતો નથી, ત્રૈવર્ણિકો કર્તવ્યની અપેક્ષા કરે છે અને કર્તવ્યરૂપ અધ્યયન કર્તાની અપેક્ષા કરે છે, એ પ્રમાણે પરસ્પર આકાંક્ષા છે પરંતુ એટલું વિચારવું જોઈએ કે અધ્યયન વિદ્વત્તા યોગ્ય કરતાની અપેક્ષા કરે છે કે અયોગ્યની ? તેમાં બીજો પક્ષ ઘટતો નથી, કેમકે અયોગ્ય કર્તાને વિષે ફલ સિદ્ધિ હોતી નથી. તેમજ પ્રથમ પક્ષ કહીએ તો બાલકની અપેક્ષા નથી એમ કહેવું જોઇએ, કેમકે ફલને ધારણ કરવાવાળી યોગ્યતા તેને વિષે હોતી નથી; માટે અધ્યાપન વિધિપ્રયુક્ત અધ્યયન છે, તેમજ તેઓના કહેવા પ્રમાણે ત્રૈવર્ણિક અધિકારના નિયમનો બાધ પણ આવતો નથી, કારણકે अष्ट वर्षे એ વાકયમાં ઉપનયન અને અ-

ધ્યાપનના સન્નિધાનથી અધ્યયન વગર અધ્યાપનની અસિદ્ધિ હોવાને લીધે અધ્યાપનથી કહેલા અધ્યયનવડે અધિકાર નિયમ સિદ્ધ થાય છે, માટે અધ્યયનમાં ફરીથી વિધિ કલ્પના કરવી વ્યર્થ છે. તેમજ અધ્યયન વાકય વ્યર્થ થાય તેમ શંકા પણ કરવી નહિ, કેમકે વેદના સ્વાધ્યાયત્વને માટે તેની આવશ્યકતા બોધનવડે અધ્યયન વાકયની અર્થવતતા છે અને कृत्याश्च એ સૂત્રમાં तव्य આવશ્યકમાં કહેલો છે.

मूलम्–तत्र संशयमापन्ना बुद्धिर्वाक्यार्थनीर्णये ॥
एकवाक्यत्वं संदेहादेकार्थ्याभावतः स्फुटम् ॥१८॥

અર્થ—વેદને વિષે વાકયાર્થનો નિર્ણય કરવામાં એક વાકયત્વને વિષે સંદેહ થકી અને સ્પુટ એકાર્થના અભાવને લીધે બુદ્ધિ સંશયને પામે છે.

ટીકા—એ પ્રકારે પ્રકાર બોધન પૂર્વક મતાંતરનું નિરાકરણ કરી વેદનું જે પ્રકારે સ્વાધ્યયત્વ સિદ્ધ થાય તેમ પ્રતિપાદન કર્યું, તેના મધ્યે શબ્દ, અર્થ અને અનુષ્ઠાનને વિષે શંકારહિતપણું હોવું જોઇએ તેમાં શબ્દને વિષે શંકારહિતપણું ગુરૂ પરંપરાથી સિદ્ધ થાય, પદાર્થ અને અનુષ્ઠાનમાં શંકારહિતપણું અંગ વિચારથી સિદ્ધ થાય, પણ વાકયાર્થમાં સંદેહ હોય તેની નિવૃત્તિ થવી જોઇએ, કેમકે વેદમાં યાગદાનાદિ નાના પ્રકારનાં ફલ બતાવનાર ઘણા અર્થોના પ્રતિપાદન વડે એક અર્થ જણાતો નથી તેથી વાકયાર્થ નિર્ણયમાં સંદેહ ઉત્પન્ન થાય છે.

मूलम्–स एकोर्थोऽत्रवक्तव्योयच्छरीरप्रवेशतः
एकार्थतां श्रुतिर्याति तदभावे तु निष्फला ॥१९॥
कुंठितैवभवन्नूनं वेदाध्ययनबोधने ॥

અર્થ—જે તનુ (ક્રિયાજ્ઞાનરૂપ)માં પ્રવેશ કરવા થકી શ્રુતિ એકાર્થતાને પામે તે અંગીભૂત એક અર્થ વેદને વિષે કહેવાને યોગ્ય છે, એ કાર્યને અભાવે શ્રુતિ નિષ્ફલ અને વેદાધ્યયન બોધનને વિષે કુંઠિતજ થાય છે.

ટીકા—એકાર્થને અભાવે વેદાધ્યયનને બોધ કરનાર ત્રણ વાક્ય વ્યર્થ થઇ જાય માટે વેદનું એકાર્થત્વ અવશ્ય વિચારવું જોઇએ તે અંગવડે સિદ્ધ થતું નથી.

मूलम्—वेदोऽखिलो धर्ममूलं धर्मो यस्यां मदात्मकः ॥२०॥
एवं पूर्वर्षिभिः प्रोक्तं जैमिनिः प्रथमं स्वयम् ॥
निश्चित्य लोकशिक्षार्थमर्थप्राधान्यतस्तथा ॥ २१ ॥
धर्मं विचारयामास प्रामाण्यादिपुरःसरम् ॥

અર્થ—સમગ્ર વેદ ધર્મનું મૂળ છે, અને વેદ વાણીને વિષે ભગવદાત્મક ધર્મ રહેલો છે. આ પ્રમાણે પૂર્વે થઇ ગયેલા ઋષિઓએ કહેલું છે, જૈમિનિએ પ્રથમ નિશ્ચય કરીને લોકશિક્ષાને માટે અર્થપ્રાધાન્યથકી પ્રામાણ્યાદિ પુરઃસર ધર્મનો વિચાર કર્યો.

ટીકા—એકાર્થ કરવાને માટે શું કરવું જોઈએ એમ આકાંક્ષા થાય ત્યાં કહે છે કે, મીમાંસાની સહાયતાથીજ એકાર્થનો વિચાર કરવો જોઇએ **वेदाखिलो धर्ममूलं** એ વાકય મનુસ્મૃતિનું છે, અને **धर्मो यस्यां मदात्मकः** એ વાકય ભાગવતના એકાદશ સ્કંધનું છે, આ પ્રમાણે પૂર્વે થઇ ગયેલા ઋષિઓએ કહેલું છે, તેનો જૈમિનિએ પ્રથમ નિશ્ચય કરી લોક શિક્ષાને માટે અર્થ પ્રાધાન્ય અંગીકાર કરીને પ્રામાણ્યાદિપુરઃ સર એટલે ધર્મ શું? એનું ધર્મત્વ કેમ? વેદનું તેને વિષે પ્રમાજનકત્વ કેમ? અને વેદનું નિર્દુષ્ટત્વ કયે પ્રકારે છે કે પ્રમાણાન્તરનો વિરોધ છતાં પણ તેમાં કહેલુંજ અવશ્ય આદર કરવાને યોગ્ય છે? ઇત્યાદિ સર્વ વિચાર પૂર્વક ધર્મનોજ સર્વ વેદાર્થત્વ વડે તેમણે (જૈમિનિએ) વિચાર કર્યો—

मूलम्—संदेहस्तु पुनर्जातो वेदातेषु यथा पुरा ॥२२॥
एकवाक्यत्वमेषांहि धर्मकांडे कथं भवेत् ॥
धर्मःपंचविधो द्वेधा षड्भिः संपद्यते तु सः ॥२३॥

देशकालद्रव्यकर्तृमंत्रकर्मविभेदतः ॥
सर्वो वेदस्तेषु लीनो वेदांतेषु विचार्यते ॥२४॥

અર્થ—જેમ પૂર્વે એકવાકયત્વને અભાવે સંદેહ હતો તેમ વેદાન્તને વિષે પણ ફરીથી સંદેહ ઉત્પન્ન થાય છે. વેદાન્ત વાકયોની ધર્મકાંડને વિષે એકવાકયતા કેમ થાય? અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુ, સોમ એ ભેદ વડે ધર્મ પાંચ પ્રકારનો છે, અને તે પ્રકૃતિ વિકૃતિ વડે બે પ્રકારનો છે, અને તે ધર્મ, દેશ, કાલ, દ્રવ્ય, કર્ત્તા, મંત્ર, કર્મ એ પ્રકારના છ સાધનથી પ્રાપ્ત થાય છે. સર્વ વેદ (સર્વ પૂર્વકાંડ) તેમાં સમાપ્ત થાય છે તેનો વેદાન્તને વિષે વિચાર કરાય છે.

ટીકા—ધર્મનો વિચાર કર્યા પછી શું બાકી રહે છે કે જેને માટે આ ઉદ્યમ તમારે કરવો પડે છે? એમ સંદેહ થાય ત્યાં કહે છે કે, જેમ ધર્મકાંડને વિષે પૂર્વે સંદેહ હતો તેમ વેદાન્તને વિષે પણ સંદેહ થાય છે. (પૂર્વકાંડરૂપ) સર્વવેદ ધર્મનો અને ધર્મના સાધનોનો બોધ કરતાં નિરાકાંક્ષતાને પ્રાપ્ત થયો. પૂર્વકાંડ વેદાન્તને ગ્રહણ કરતો નથી, તેથી ઉપનિષદ્‌માં સંદેહ થવાનું કારણ છે; તેમાં ભટ્ટ મતવાળા કહે છે કે જેમ એકાર્થત્વ એક વાક્યતાનુ નિયામક છે તેમ વિભાગમાં સાકાંક્ષત્વ નિયામક છે. અંગાંગીત્વની અપેક્ષાથી સ્વાર્થબોધમાં નહિ સમાપ્ત થતાં વાકયોની એકવાકયતા સાથે મળવાથી થાય છે.

मूलम्—यदेव विद्ययेत्याह ब्रह्मा ब्रह्मिष्ठ एवच ॥
तज्ज्ञानं तेषुहि प्रोक्तं कर्तृशेषास्ततस्तुते ॥ २५ ॥

અર્થ—यदेव विद्यया એ વેદાન્તશ્રુતિ, અને ब्रह्मा ब्रह्मिष्ठ એ કલ્પશ્રુતિ એ બંને શ્રુતિઓ કહે છે કે વેદાન્તને અંગીભૂત કર્મની અપેક્ષા છે, અને વેદને (કર્મકાન્ડને) અંગભૂત જ્ઞાનની અપેક્ષા છે, અને તે જ્ઞાન વેદાન્તમાં કહેલું છે, તેથી વેદાન્ત વાકયો કર્તાનાં અંગભૂત છે.

ટીકા—પૂર્વ શ્લોકમાં વિચારેલો મીમાંસકનો એકવાક્યતાનો પ્રકાર આ શ્લોકમાં કહેવામાં આવે છે. यदेव विद्यया करोतितस्तदेवास्य वीर्यवत्तरं भवति ॥ ब्रह्मिष्ठो ब्रह्मा तं दर्शपूर्णमासयोर्वृणीतइति ॥

અર્થ—જે વિદ્યા સહિત કર્મ કરે છે તે વિદ્વાન કર્તાનું તે કર્મ વીર્યવાન (ફળ આપવામાં બળવાન) થાય છે. દર્શપૂર્ણમાસ યજ્ઞને વિષે બ્રહ્મજ્ઞાનવાળા બ્રહ્માનું વરણ કરવું. ઉપર કહેલી બંને શ્રુતિઓને અનુસારે વેદાન્તને અંગીભૂતકર્મની અપેક્ષા છે, અને વેદને (કર્મકાંડને) અંગભૂત જ્ઞાનની અપેક્ષા છે. આ હેતુથી કર્મનો કર્તા તેવો જ્ઞાનવાન હોવાથી વેદાન્ત કર્તાનો અંગભૂત છે, તેથી વેદાન્ત વાક્યોની કર્મકાન્ડની સાથે એકવાક્યતા થાય છે.

ભટ્ટ કહે છે કેઃ—इत्याह नास्तिक्यनिराकरिष्णुरात्मास्तितां भाष्यकृदत्रयुक्त्या ॥ दढत्वमेतद्विषयः प्रबोधः प्रयाति वेदांतनिषेवणेन ॥

અર્થ—આ શાસ્ત્રમાં એ પ્રકારથી યુક્તિવડે ભાષ્યકર્તાએ નાસ્તિકયનું નિરાકરણ કરવાની ઇચ્છાથી આત્માનું અસ્તિત્વ કહ્યું છે. આત્માના અસ્તિત્વવિષયનું જ્ઞાન વેદાન્તના શ્રવણથી દઢત્વને પામે છે.

આ પ્રકારે પ્રકારાન્તરથી પણ વેદાન્ત વાક્યો કર્તાનાં અંગભૂત થાય છે તેથી પૂર્વકાન્ડની સાથે વેદાન્તની એકવાક્યતા છે, માટે સંદેહ થવાનો સંભવ નથી.

मूलम्—ज्ञाननिष्ठाय देयानि कव्यानीति यथा तथा ॥
फलश्रुत्या पूर्वकांडसमाप्त्या चावगम्यते ॥२६॥

અર્થ—જ્ઞાનનિષ્ઠપુરૂષને કવ્યાન્ન આપવું (એ વાક્યમાં જેમ જ્ઞાન શ્રાદ્ધાંગ થતું નથી તેમ બ્રહ્મિષ્ઠ બ્રહ્મા હોવાથી પણ વેદાંત વેદાંગ કર્માંગ થતું નથી) આ વાત ફળશ્રુતિ અને પૂર્વકાન્ડની સમાપ્તિથી જણાય છે.

ટીકા—ज्ञाननिष्ठायदेयानि એ વાક્ય ભાગવતના સપ્તમ સ્કંધનું છે, તેમાં જેમ પિતૃઓની તૃપ્તિના આનન્ત્યને માટે જ્ઞાનનિષ્ઠને કવ્યદાન કરવું કહેલું છે; તેટલાથી જ્ઞાનની શ્રાદ્ધાંગતા સિદ્ધ થતી નથી. દાનફલના આનન્ત્યવડે કર્તાના અનુગ્રહને માટે સંપ્રદાનતાવડે અનુમતિ માત્ર છે, એમ ન હોયતો જ્ઞાનનિષ્ઠ કવ્ય ભોજન કરે એમ વિધાન કરવું જોઇએ. એ પ્રકારે બ્રહ્મિષ્ઠ વાક્યમાં પણ અનુમતિ માત્ર કરાય છે. બ્રહ્મદૃષ્ટિથી કર્મવૈષમ્યની નિવૃત્તિવડે કર્તાના ઉપર અનુગ્રહ છે. વસ્તુતા થકી તો બ્રહ્મશબ્દ વેદપર હોવાથી વેદાન્તને કર્તાશેષપણું સિદ્ધ થતું નથી. તેમ यदेव શ્રુતિથી પણ કર્તાશેષપણું સિદ્ધ થતું નથી. કેમકે તે શ્રુતિ ઉદ્ગીથ પ્રકરણમાં હોવાથી તેથી બીજી વિદ્યાનું ગ્રહણ હોઇ શકતું નથી. ઉદ્ગીથ વિદ્યા કર્માંગ હોવાથી કાંઇ ક્ષતિ નથી. જેમ ગામ જનારાને તૃણ સ્પર્શ પ્રાસંગિક છે તેમ ભિક્ષા આચરણ કરતા જ્ઞાનીને કવ્યભોજન પ્રાસંગિક હોવાથી જ્ઞાન શ્રાદ્ધનું અંગ હોઈ શકે નહિ. તેમજ પ્રસંગથી કર્તાના અનુગ્રહને માટે બ્રહ્મા બ્રહ્મજ્ઞાનવાળો હોય તોપણ વેદાન્ત કર્માંગ હોઇ શકતું નથી. ભટ્ટકારિકામાં કહેલો પ્રકાર ભાષ્ય પ્રકાશમાં દૂષિત કરેલો છે, માટે આ સ્થળમાં તે વિષે વધારે વિવેચન કરવામાં આવતું નથી. તેમ હોવાથી જૈમિનિના મતમાં અંગ લક્ષણ બીજા પ્રયોજનને માટે કહેલું છે એમ શ્રુત્યાદિકથી જણાય છે, કારણ કે જૈમિનિએ कर्माण्यपि जैमिनिः फलार्थत्वात् । ૩–૧–૪ એ સૂત્રમાં કર્મનું ફલશેષત્વ પ્રતિપાદન કરેલું છે, તેથી પણ માલમ પડે છે કે જૈમિનિના મતમાં શેષલક્ષણ બીજા પ્રયોજનને માટેજ કહેલું છે.

मूलम्—ब्रह्मविद् ब्रह्म भवति परंवाप्नोतिकुत्रचित् ॥
"वेदमनूच्य आचार्य" इत्युक्तोपनिषद्वचः ॥२७॥

અર્થ—બ્રહ્મને જાણનાર બ્રહ્મ થાય છે એમ લખ્યું છે અને કોઈ ઠેકાણે લખ્યું છે કે બ્રહ્મને જાણનાર પરને પામે છે.

વેદને કહીને આચાર્ય શિષ્યને શિક્ષા કરે છે એ પ્રકારે ઉપનિષદ-નું વચન છે.

ટીકા—જેમ પૂર્વકાંડમાં કર્મને ફલશેષત્વ કહેલું છે, તેમ ઉત્તરકાંડમાં જ્ઞાનનું પણ ફલ શેષત્વ પ્રતિપાદન કરેલુ છે. ब्रह्म वेद ब्रह्मैव भवति ॥ ब्रह्मविदाप्नोति परम् ॥ એ બંને શ્રુતિઓ જ્ઞાનનું ફલશેષત્વ પ્રતિપાદન કરે છે. તેમ બીજા પણ દેશ કાલાદિ સાધનો કહેવાય છે. એ પ્રકારથી સર્વવેદાન્ત ફલ સહિત જ્ઞાનનું બોધન કરતાં નિરાકાંક્ષાને પામીને શેષત્વવડે કર્મની અપેક્ષા કરતા નથી. તેમ પૂર્વકાંડ પણ જ્ઞાનની અંગત્વવડે અપેક્ષા કરતો નથી. બ્રહ્મ શબ્દની શબ્દબ્રહ્મને વિષે પ્રવૃત્તિ હોવાથી બ્રહ્મિષ્ઠ શબ્દવડે વેદપારંગત પુરૂષનું ગ્રહણ થઇ શકે છે, માટે વેદાન્તને કૃર્તૃશેષત્વ નથી. વિવિક્તઆત્મસ્વરૂપના બોધકત્વવડે વૈરાગ્યની આપત્તિથી કર્મનો અધિકાર પ્રાપ્ત થતો નથી દેહવિશિષ્ટ આત્મા વેદાંતમાં બોધન કરાતો નથી. માટે વેદાન્ત પૂર્વકાંડનું શેષ હોવું ન જોઇએ કેમકે વેદ કહીને આચાર્ય શિષ્યને શિક્ષા આપે છે. એ વાકય શિક્ષોપનિષદ્‌માં તૈતરીય ઉપનિષદ્‌ને વિષે સંભળાય છે, તેમાં અનુચ્ય પદ કહેલું છે તેથી તે વડે વેદ પાઠનસમાપ્તિનું બોધન થવા થકી અંગત્વ યુક્ત નથી.

मूलम्—शास्त्रांतरेऽप्येवमेव वैदिकानां मतं तथा
अतः स्वतंत्रता वाच्या तथा चेन्नैकवाक्यता ॥२८॥

અર્થ—શાસ્ત્રાન્તરમાં પણ પૂર્વકાંડ અને ઉત્તરકાંડનો ભેદ હોવાને લીધે ઉપનિષદ્‌ની સ્વતંત્રતા કહેવી જોઈએ તેથી બંને કાંડની એક વાકયતા ઘટતી નથી.

ટીકા—શાસ્ત્રાન્તરમાં એટલે ઉત્તરમીમાંસામાં પણ ફળભેદ અને સમાપ્તિભેદવડે શાસ્ત્રભેદ જણાય છે, તેમજ વૈદિકોના એટલે પૂર્વ મીમાંસકોના મતમાં પણ ઉત્તરકાંડનો ભેદ માનેલો છે. બહુ

સ્થલમાં ભેદ કહેવાને લીધે ઉપનિષદ્નું ભિન્ન શાસ્ત્રત્વ હોવું જોઇએ, અને તે પ્રમાણે યુક્તિ અને પ્રમાણથી નિશ્ચય થાય તો મીમાંસકના કહેવા પ્રમાણે એકવાકયતા ઘટતી નથી.

मूलम्–वेदोऽखिलोधर्ममूलम् " इत्यादिश्चविरुद्ध्यते ॥
वैदिकानामाभिध्यानं स्वरादिनियमैर्युतम् ॥
वेदा एव न चान्यार्था वाच्याबुद्धिमताक्वचित् ॥२९॥

અર્થ—સમગ્ર વેદ ધર્મનું મૂળ છે, ઈત્યાદિ વાકયો વિરૂદ્ધ પડે છે. અને વૈદિકોના મધ્યે વેદાન્તને વિષે વેદ નામ છે, તે અધ્યયનસ્વરાદિનિયમયુક્ત છે, માટે બુદ્ધિમાન પુરૂષે વેદાન્તને વિષે વેદ એમજ કહેવું જોઈએ, પણ વેદાન્તવાકય ધર્મસિવાય અન્યઅર્થને પ્રતિપાદન કરે છે એમ કહેવું ન જોઈએ.

ટીકા—જો વેદ અને વેદાંતમાં શાસ્ત્રભેદનો અંગીકાર ન કરે તો પૂર્વોક્તસ્મૃતિ વાકયનો વિરોધ પણ આવે છે. સ્મૃતિમાં અખિલ પદ છે, અને ધર્મ ક્રિયારૂપ હોવાથી જ્ઞાનપ્રતિપાદક ઉપનિષદ્ને વિષે તેનો બાધ થાય છે. આ ઠેકાણે ફરીથી મતાંતરનો ઉપન્યાસ કરી દૂષણ આપવામાં આવે છે વૈદિકો સ્વરપૂર્વક અને અનધ્યાયાદિક ત્યાગ નિયમપૂર્વક વેદાન્ત ભણે છે, તેથી વૈદિકોના મધ્યે વેદાન્તને વિષે વેદ એ પ્રકારની સ્વરાદિનિયમોયુક્તસંજ્ઞા છે; આ કારણથી વેદાન્તભાગને વિષે ધર્મ વિના બ્રહ્મરૂપ બીજો અર્થ છે તેમ બુદ્ધિવાન્ પુરૂષે કહેવું જોઇએ નહિ.

मूलम्–अतो वेदांतवाक्यान्याप्रसिद्धिः ॥

અર્થ—વેદ એ પ્રકારે પ્રસિદ્ધિ થકી વેદાન્તવાકયોની અન્યાર્થ પ્રસિદ્ધિ નથી.

ટીકા—શિષ્ટ પુરૂષો વેદાન્તવાકયને ગ્રુતિ કહે છે. જો વેદાન્તવાકય અન્યઅર્થવાળાં હોયતો તેઓ વેદ નામથી પ્રસિદ્ધ થાય નહિ, માટે વેદ પ્રસિદ્ધિથકી વેદાન્તવાકયની ધર્માર્થતા છે,

કેમકે વેદ એ સમગ્ર ધર્મનુ મૂળ છે એમ કહ્યું છે; માટે વેદાન્તને વિષે જો વેદત્વ અંગીકાર કરો તો અન્યાર્થતા એટલે ધર્મ સિવાય ભિન્નાર્થતાનો ત્યાગ કરવો જોઇએ. જો અન્યાર્થતાનો અંગીકાર કરોતો વેદાન્તને વેદ એવું નામ કહેવું ન જોઇએ. આ પ્રકારનો મતાન્તર ઉપન્યાસ કરી દૂષણુ આપવામાં આવે છે કે, પૂર્વ અને ઉત્તરકાંડને વિષે શાસ્ત્રમદ ્રુતિસ્મૃતિરૂપપ્રબળપ્રમાણુથી નિશ્ચય કરવાને લીધે નામનો સદાચારને વિષે પ્રવેશ હોવાથી તે નિર્બળ છે, માટે પૂર્વોત્તરવાકયના એક અર્થના અભાવે બે કાંડની એક વાકયતા સિદ્ધ થતી નથી.

मूलम्—वैदिकानामपि तथैव प्रसिद्धिरिति चेत् ॥ एवं लोकसिद्धस्य जगतो लोकप्रतीतिं बाधित्वा ब्रह्मत्वेनालौकिकत्वं संपाद्यतइति अर्धजरतीयन्यायात्तदंतरत्वम् ॥

અર્થ—વૈદિકોના મધ્યે વેદની પેઠેજ વેદાન્તની પ્રસિદ્ધિ છે. એમ કહેવામાં આવે ત્યાં કહે છે કે એજ પ્રકારે લોકસિદ્ધ જગત્‌ની લોક પ્રતીતિને બાધ કરી બ્રહ્મત્વવડે અર્ધજરતીય ન્યાયથકી અલૌકિકત્વ વેદાન્તવાકયથી સંપાદન કરાય છે તેથી વેદાન્ત તત્ત્વની પ્રસિદ્ધિ છે.

ટીકા—વેદાન્તની વેદ એ નામથી પ્રસિદ્ધિ શ્રુત્યાદિ પ્રમાણોની અપેક્ષાએ નિર્બળ છે, તોપણુ અનાદિ પ્રસિદ્ધિનું કારણુ કહેવું જોઇએ. વૈદિકોના મધ્યે વેદ એ પ્રકારની વેદાન્તને વિષે પ્રસિદ્ધિ છે, તેનો નહિ સ્વીકાર કરવાથી પ્રસિદ્ધિ વ્યર્થ થાય. આનર્થકય થવાથી પ્રમાણોનું બળાબળ વિપરીત થાય, એ ન્યાયથી વેદાન્તને વિષે વેદત્વ અવશ્ય કહેવું જોઇએ. તે કારણુથી મીમાંસકોએ કહેલી રીતિ પ્રમાણે એકવાકયતા ન થાય તોપણુ **तमेतं-वेदानुवचनेन** એ વેદાન્ત શ્રુતિથી વેદાન્તને વેદની અપેક્ષા અવશ્ય કહેવી જોઇએ. તેમ હોવાથી અપેક્ષા સિદ્ધ થએ જેમાં વેદનો

અંત હોય તેનું નામ વેદાન્ત કહેવાય. એ પ્રકારે વેદાન્ત એવી પ્રસિદ્ધિ પણ સિદ્ધ થાય છે, અને અપેક્ષાને લીધે એકવાકયતા પણ સિદ્ધ થાય છે. આ પ્રકારે મીમાંસકનો કહેલો પક્ષ ઘટતો નથી કેમકે પ્રકારાન્તરથી વેદાન્તની પ્રસિદ્ધિ સંભવે છે. જેમ લોક સિદ્ધ વ્રીહિ આદિ પદાર્થની લોકપ્રતીતિ બાધિત કરીને પ્રોક્ષણાદિકવડે અલૌકિકત્વ સંપાદન કરાય છે તેમ વેદાન્તમાં अर्धजरतीय ન્યાયથકી જગતનું બ્રહ્મત્વ સંપાદન કરાય છે. આ પ્રકારે વેદાન્તની પ્રસિદ્ધિ સિદ્ધ થતાં શ્રુતિસ્મૃતિવિરૂદ્ધ અન્યાર્થનો અંગીકાર કરવો સંભવતો નથી. ઉપર કહેલા तमेतम् વાકયમાં શ્રુતિમાં વિવિદિષા પર્યંત યજ્ઞાદિ કહેલાં છે અને વિવિદિષા (જાણવાની ઇચ્છા) માત્રથી બ્રહ્મજ્ઞાન ઉત્પન્ન થતું નથી, તેથી બંને કાંડનું ઐકય કહી શકાતું નથી, તેથી મીમાંસકોના કહેવા પ્રમાણે એક વાકયતા દુર્ઘટ છે.

मूलम्—ननु लोकनिपुणाः कथं मन्यंते ॥

અર્થ—લોકનિપુણ આ પ્રમાણે કેમ માને?

ટીકા—ફરીથી વાદી (મીમાંસક) શંકા કરે છે કે લોકનિપુણ મીમાંસકો, નૈયાયકો પ્રતીતિબાધિત અર્થનો કેમ અંગીકાર કરશે અને બીજાની ખાત્રી કરવાને માટે આ યત્ન છે. બીજો જ્યારે તેનો સ્વીકાર ન કરે તો તે યત્ન વ્યર્થ છે. ત્યાં ઉત્તર આપે છે કેઃ—

मूलम्—शब्दार्थविचारेणेति ब्रूमः ॥

અર્થ—શબ્દાર્થના વિચારથી એ પ્રકારનો સ્વીકાર કરવો જોઇએ એમ અમે કહીએ છીએ.

ટીકા—આપ્તવાકયનું પ્રામાણ્ય તેમણે સ્વીકારેલું હોવાથી તે વાકયાર્થનો વિચાર કરવાથી વાકયાર્થપ્રમાણે અવશ્ય માનવું જોઇએ; માટે યત્ન વ્યર્થ નથી.

मूलम्—कथम्॥ અર્થ—શબ્દાર્થનો વિચાર કેવી રીતે કરવો. (તે કહે છે.)

मूलम्—शब्दानामर्थे विचार्यमाणे ब्रह्मैव सर्वं भवति ॥

मूलम्—घटपटादिशब्दा धर्मवाचकाएव भवितुमर्हति ॥ घटत्वादिविशिष्ट वाचकाह्येतइति लोकप्रसिद्धिः ॥ घटत्वमिति घटगतो धर्मः कश्चिद्यत्सद्भावात् घटपटवाच्यता धर्मिणः "तस्य भावस्त्वतलौ" इति त्वो भावप्रत्ययः ॥ भाव इति भूधातोः घञिरूपम् ॥ भूधातुः सत्तायांव्याप्तौवा ॥ उभयथापि व्यापकस्य सतोवा धर्मस्यवाचको भवति ॥ घञ स्वार्थे ॥ अन्यथा अनवस्थास्यात् ॥ तथा च घटत्वं नाम सतः व्यापकस्य वा धर्मइत्युक्तं भवति ॥ एवं पटत्वादिष्वपि ॥ तथा च प्रकृत्यर्थः सन् व्यापको वा यदा भवति तदैव प्रत्ययार्थेनैकवाक्यता भवति ॥

અર્થ—શબ્દના અર્થનો વિચાર કરીએ તો નામ રૂપાત્મક સર્વ બ્રહ્મજ થાય છે. ઘટપટાદિ શબ્દો ધર્મના વાચકોજ થવાને યોગ્ય છે. એ શબ્દો ઘટત્વાદિવિશિષ્ટ વાચકો છે એમ લોક પ્રસિદ્ધિ છે. ઘટત્વ એ પ્રકારનો કોઈ ધર્મ ઘટપદમાં રહેલો છે. તેના વિદ્યમાનપણાથી ધર્મીની ઘટપદવાચ્યતા છે **तस्यभावस्त्वतलौ** એ વ્યાકરણના સૂત્રથી તદ્ધિતનો ત્વ ભાવપ્રત્યય છે. ભાવ એ ભૂધાતુનું ઘઞ્ પ્રત્યયથી થયેલું રૂપ છે. ભૂધાતુ સત્તા અથવા વ્યાપ્તિ દર્શક છે. બંને અર્થમાં પણ ભાવ શબ્દ વ્યાપક અથવા સત્‌ના ધર્મનો વાચક થાય છે. ઘઞ્સ્વાર્થદર્શક છે. એમ ન કરીએતો અનવસ્થા થાય. તેમ હોવાથી ઘટત્વ સત્ અથવા વ્યાપકનો ધર્મ થાય છે. તે પ્રમાણે પટત્વાદિકને વિષે પણ સમજવું. તેમ હોવાથી પ્રકૃત્યર્થ સત્ અથવા વ્યાપક જ્યારે થાય ત્યારેજ પ્રત્યયાર્થની સાથે એકવાકયતા થાય છે.

ટીકા—શંકાનો પ્રત્યુત્તર આપે છે. ઘટાદિશબ્દો ધર્મના

વાચકોજ થવાને યોગ્ય છે. તે आकृत्यधिकरण સિદ્ધ મીમાંસક સિદ્ધાન્ત છે. અને ઘટાદિ શબ્દો ઘટત્વાદિવિશિષ્ટવાચક છે એ નૈયાયિકોનું કહેવું છે. આ પ્રકારે તે બંનેના મતનો શબ્દાર્થ છે. એ પ્રકારે બંનેના મતમાં ધર્મની મુખ્યતા વડે તે તે શબ્દની પ્રવૃત્તિનિમિત્તતા છે. શબ્દાર્થને વિચારે સર્વનું બ્રહ્મત્વ સિદ્ધ થાય છે. પાણિનીય સૂત્રમાં ત્વભાવ પ્રત્યય છે, અને ભાવ એ ભૂધાતુથી घञ् પ્રત્યય વડે થયેલો શબ્દ છે. આ ઠેકાણે घञ् સ્વાર્થમાં એટલે વિધીયમાન ભાવમાંજ કરવો જોઇએ, નહિ તો અનવસ્થાપત્તિ આવે આત્માશ્રયની શંકા કરવી નહિ, કેમકે પૂર્વપક્ષમાં પણ તે આવે જ છે. એ શંકા કરવાથી વ્યવહારનો ઉચ્છેદ થાય એ વાત लोके शब्दार्थसंबंध એ કારિકામાં કહી ગયેલા છીએ.

જો પદાર્થનું સદ્ભિન્નત્વ સ્વીકારીએ તો સદ્ધર્મ અન્ય ધર્મ થવાથી જેમ ઘટત્વ પટાદિનું અવચ્છેદક થતું નથી, તેમ ઘટાદિનું અવચ્છેદક પણ થાય નહિ. તેથી તમામ વ્યવહાર બંધ થાય માટે પદપ્રવૃત્તિથી થતા નિમિત્તને અનુસારે સર્વ પદાર્થોનું વ્યાપક સત્ પદાર્થ થકી અભિન્નત્વ અવશ્ય સ્વીકાર કરવું જોઇએ, તેથી શબ્દાર્થવિચારવડે સર્વ બ્રહ્મજ થાય છે.

मूलम्—ततश्च सर्वेषामेकार्थता स्यात् ॥

અર્થ—તે થકી સર્વની એકાર્થતા થાય.

ટીકા—વાદી શંકા કરે છે કેઃ—જો સર્વ સદ્ધર્મ હોય તો પદાર્થ માત્ર સદ્જ થાય ત્યારે સર્વ પદની ઘટકલશાદિની પેઠે એકાર્થતાથી વ્યવહાર બંધ થાય માટે સર્વ બ્રહ્મત્વનો પ્રયાસ કરવો એ વૃથા છે.

मूलम्—अत आकृतिविशेषवंग्या धर्मास्ते भिन्नाएव शक्तिसंकोचेन व्यवहारसिद्धयर्थमंगीकर्तव्याः ॥ तथाच घटादिशब्दा अरुणादिशब्दवद्धर्मवाचकाः ॥ न च स्वरूपतः सतोभिन्ना प्रत्यक्षतः स्वीकर्तव्याइंति वा-

च्यम् ॥ कारणीभूतस्यसतः एकत्वात् ॥ कार्ये कुतो भेदः समायाति ॥

અર્થ—આ હેતુથી આકૃતિવિશેષથી પ્રકાશથતા ભિન્ન ધર્મોજ શક્તિસંકોચ વડે વ્યવહાર સિદ્ધિને માટે અંગીકાર કરવા યોગ્ય છે. તે પ્રકારે હોવાથી ઘટાદિ શબ્દો અરૂણાદિ શબ્દોની પેઠે ધર્મવાચક છે, પણ સ્વરૂપ થકી સદ્થી ભિન્ન છે છે એમ પ્રત્યક્ષ થકી સ્વીકાર કરવાને યોગ્ય નથી, કેમકે કારણીભૂત સત્નું એકત્વ છે તેથી કાર્યમાં ભેદ ક્યાંથી આવે ?

ટીકા—શંકાનો ઉત્તર આપે છે. પદ પ્રવૃત્તિનિમિત્તભૂતધર્મ સ્વરૂપાનુસારે સર્વ પદાર્થોની સદ્ધર્મવાચક્તા વડે લોકયાત્રાનિર્વાહને માટે વ્યવહાર સિદ્ધિ આવશ્યક છે, તેથી આકૃતિ વિશેષ વડે પ્રકાશ થવાને યોગ્ય એટલે સાંકડા મોઢાનો ઘડો, અને લાંબુ પહોળુ વસ્ત્ર, અને ઝાલરવાળી ગાય એ બધા સત્ના ધર્મ સત્ થકી ભિન્ન દેખાય છે તે સત્માંથી નિકળવા વડે વિલક્ષણ પ્રતીતિના વિષય થાય છે. આ શબ્દ આ આકારનોજ સદ્ધર્મ બોધ કરો અન્ય આકારનો નહિ, એ પ્રકારના ઇશ્વરના કરેલા વાચકશક્તિના નિયમન વડે વ્યવહાર સિદ્ધિને માટે, ઘટપટ, ગવાદિ શબ્દોનો અંગીકાર કરવો જોઇએ. તેમ હોવાથી ઘટાદિ શબ્દો અરૂણાદિક શબ્દની પેઠે સદ્ધર્મવાચક છે. એમ અંગીકાર કરવાથી સર્વ બ્રહ્મત્વ અને એકાર્થતા છતાં પણ વ્યવહારનો પ્રતિબંધ થતો નથી તેથી અમારો પ્રયાસ વ્યર્થ નથી. આ ઠેકાણે વાદી શંકા કરે છે કે પ્રત્યક્ષ અને શબ્દ બંને પ્રમાણ છે તેમાં શબ્દનીઅપેક્ષાએ પ્રત્યક્ષ પ્રબળ છે, કેમકે શબ્દ ઉપજીવ્ય છે, લોકમાં તે સર્વને સંમત છે. આ હેતુ માટે પ્રત્યક્ષ પ્રતીત થતો ભેદ શબ્દાર્થવિચારથી દબાવીને સર્વનું બ્રહ્માત્મકત્વસાધન અપ્રયોજક છે.

તે શંકાનો નિષેધ કરે છે. સત્ય, (યથાર્થ) પ્રત્યક્ષ પ્રબળ પ્રમાણ છે તોપણ તેનું પ્રામાણ્ય સર્વત્ર નથી, કેમકે દેહા-

તેમનો શાસ્ત્ર અને અનુભવ થકી ભેદ છતાં પણ પ્રત્યક્ષ થકી અભેદ જણાય છે, અને ઘટાકાશ અને મઠાકાશનો અભેદ છતાં ભેદ દેખાય છે, તેથી તેના નિશ્ચય માટે બીજા પ્રમાણના આશ્રયની જરૂર છે. પ્રત્યક્ષના વિષય અર્થો સત્ થકી ભિન્ન છે, કેમકે ઘટ, પટ અને સ્તંભાદિની પેઠે તેઓ ભિન્ન કારણવાળા છે. પ્રત્યક્ષપ્રમાણથી આમ કહેવું યુક્ત નથી, આ પદાર્થો સત્ થકી અભિન્ન છે, કેમકે સુવર્ણના કટક કુંડલની પેઠે તે પદાર્થોનું એક સદ્ કારણ છે. આ પ્રકારના અનુમાનથી પ્રથમ અનુમાનનો બાધ થાય છે. આ ઠેકાણે અનુકુળ તર્કવડે કારણતાગ્રાહકસદન્વયનું પ્રબળત્વ છે, તેમ સતનુ નાનાત્વ પણ નથી, કેમકે તેમાં પ્રમાણનો અભાવ છે, વળી સત્કારણ પદાર્થોની સત્તા નામનું જાતિમત્ત્વ પણ સિદ્ધ થતું નથી, કેમકે સત્તાને વિષે જાતિત્વનો અભાવ છે, જાતિત્વ સામાન્યાદિકને વિષે વર્તમાન છે. સત્ પ્રતીતિ એ ભ્રમ છે એમ પણ કહેવું નહિ, કેમકે સત્તાને વિષે જાતિત્વ અભિમાનજ ભ્રમ છે માટે સદ્ધર્મજ સત્તા છે. તે જો સર્વ ઠેકાણે છે તો નામરૂપાત્મક સર્વ સદ્દ્જ છે એમ વિના પ્રયાસે સિદ્ધ થાય છે. વસ્તુતા થકી પણ સત્તાને વિષે બીજી સત્તાના અભાવને લીધે સદજ સત્તા છે, અને તેના યોગ થકી સર્વ ઠેકાણે સત્ એ પ્રકારનું જ્ઞાન થાય છે, માટે સતજ કારણ છે, અસતનું કારણત્વ હોઇ શકે નહિ. માટે કારણીભૂત સતનું એકત્વ હોવાને લીધે તેમાં ભેદ નહિ હોવાથી કાર્યમાં ભેદ કયાંથી આવે ? કેમકે કારણના ગુણો વડેજ કાર્ય ગુણોનો આરંભ કરાય છે.

मूलम्—मृद इवांशभेदादितिचेत् ॥ अस्तु तर्हि अंशेनभेदः ॥ आस्ति कः संदेहः कार्यकारणयोर्भेदइतिचेत् ॥

અર્થ—કાર્યને વિષે જે ભેદ છે તે મૃદની પેઠે અંશ ભેદ થકી છે? જો હા કહોતો અંશથી ભેદ હોય તો કાર્ય કારણનો ભેદ હોય એમાં સંદેહ નથી.

टीका—(वादी शंका करे छे के) ए प्रकारे सर्वने। सत् थकी अभेद सिद्ध करे। ते।, भेद विना भिन्नविषयकक्रिया थवाना असंभवने लीधे ते सिद्ध थवाने माटे कारणमां कोइ पण भेदने। स्वीकार करवे। जोइए, अने ते जो माटीनी पेठे अंश भेदथी छे एम स्वीकारे। ते। कार्य कारणना अंश थकी उत्पन्न थयेलुं होवाने लीधे अंशाशीने। भेद स्वीकारवाथी कार्यकारणने। भेद अर्थ थकीज सिद्ध थये।.

मूलम्—न ॥ कार्ये समवेतत्वात्कारणमप्यस्तीतिमंतव्यम् ॥ तथाच कार्ये द्विगुणगुरुत्वापत्तिः न वा भेदः प्रतीयेत ॥ पिंडावस्थागता घटावस्था जातेत्येव प्रतीतिः ॥ तथाचा कृतिरेव भिन्नोति धर्मभेदएव जातइतिवक्तव्यम् ॥ तथाच सतोऽप्यंशेन धर्मभेदएव जगज्जातमिति सदेकमेव ॥ नचाशांशिभेदः सिद्ध्यति पूर्ववदेव द्विगुणभारापत्तेः ॥

अर्थ—ते शंका निरास करे छे भेद नथी कार्यने विषे समवेत (मळेलुं) होवाथी कारण पण छे एम मानवुं जोइए. तेम होवाथी कार्यने विषे बेगणी गुरुत्वापत्ति नथी एटले कार्यमां कारणरूपता अने कार्यरूपता नथी अने भेद प्रतित थते। नथी पण पिंड अवस्था गइ घटावस्था थई ए प्रकारनीज प्रतीति छे तेम होवाथी आकृतिज भिन्न छे तेथी धर्म भेदज थये। छे. एम कहेवुं जोइए. तेम होवाथी सत्ना पण अंश वडे धर्मभेदज जगत् थयेलुं छे. तेथी सत् एकज छे. पूर्वनी पेठेज द्विगुणभारापत्तिने लीधे एटले द्विगुण धर्मत्वने लीधे अशांशीने। भेद सिद्ध थते। नथी.

टीका—कारण गुणे। कार्य गुणना आरंभक होवाथी अशांशीने। भेद नहि होवाने लीधे कार्य कारणने। भेद नथी. वळी वादी एम शंका करे के कारणना सर्व गुणे।थी कार्यने विषे

ગુણારંભ થાય એવો નિયમ નથી માટે કારણ ગુરૂત્વ બીજા ગુરૂત્વનો નહિ આરંભ કરવાને લીધે કાર્યમાં દ્વિગુણ ગુરૂત્વ નથી અને તેનો અભાવજ અભેદસાધક નથી. આ શંકાના નિરાસને માટે કહે છે કે ભેદ પ્રતિત થતો નથી. પણ આકૃતિજ ભિન્ન દેખાય છે. તેથી પ્રતીતિના પ્રામાણ્યના અંગીકારથી પણ ધર્મ ભેદજ છે. પણ વસ્તુ ભેદ નથી તેમ હોવાથી સત્ અને જગત્‌ની ધર્મભેદથકીજ ભેદ પ્રતીતિ છે પણ સ્વરૂપ ભેદ થકી નથી, તેથી પ્રતીતિબળવડે પણ વિચાર કરતાં સત્ એકજ છે. કદાપી વાદી એમ કહે કે અંશોનો ભેદ જણાવાથી સ્વરૂપ ભેદ કૃત પ્રતીતિ કેમ નહિ? તેના ખુલાસામાં કહે છે કે દ્વિગુણ ધર્મત્વની આપત્તિને લીધે અંશાંશીનો ભેદ નથી, અંશ અને અંશીના સ્વરૂપના અભેદને લીધેજ તેના ધર્મભેદથીજ અંશને વિષે અંશીની અને અંશીને વિષે અંશની પ્રતીતિ હોવાને લીધે સ્વરૂપ ગુરૂત્વ થકી દ્વિગુણભારાપત્તિ એટલે કાર્યરૂપતા અને કારણરૂપતા થાય તેથી તેનો અંશાંશીનો સ્વરૂપ ભેદ નથી માટેજ સુવર્ણનું ગ્રહણ કરનાર તેના કકડાને પણ ગ્રહણ કરે છે.

मूलम्—अंशानामिव परस्परभेदो नाम नानात्वम् चेद् ॥ ओमित्यत्र केचित् ॥ बहुस्याम्" इति श्रुतेः ॥ वस्तुतस्तु "पूर्णात्पूर्णमुदच्यत" इति

श्रुतेर्नांशेन नानात्त्वम् ॥ कार्यावस्थायां व्यापकत्वस्य तिरोभावएव ॥ अथान्योन्याभावः स च प्रतियोगितावच्छेदकारोपापवादलक्षणः ॥ तथाच घटत्वंपटत्वं चैकत्र नास्तीत्त्युक्तम् भवति ॥ नैतत्सारम् ॥ सति द्रव्ये पार्थिवे च द्वयोर्विद्यमानत्वात् सर्वगुणप्रसिद्ध्यै तथा प्रकटस्य धर्मवैलक्षण्यनिबंधनाप्रतीतिः ॥

श्रुतिस्मृतिविद्वत्प्रतीत्या वस्तुनः एकत्त्वे सिद्धे प्रतीतिर्धर्मनिबंधनैव ॥ तर्हि धर्माः स्वतो धर्मिणश्च भिन्ना इतिसिद्धम् । नैतदप्यस्ति ॥ तस्यैव प्रथमं धर्मरूपेणाविर्भावात् ॥ नटस्य नानारूपेण प्रकटस्य रूपद्वये भेदप्रतीतिवत् ॥ नाऽब्रह्मैवार्थः प्रतीयते ॥

અર્થ—અંશોની પેઠે પરસ્પર ભેદ એજ નાનાત્વ છે. એમ કેટલાક "बहु स्याम्" શ્રુતિ થકી સ્વીકારે છે. વસ્તુતા થકી તો "પૂર્ણ બ્રહ્મ થકી કાર્ય રૂપ પૂર્ણ બહાર ઉચ્ચરણ કરે છે. "पूर्णात्पूर्णमुदच्य ते" એ શ્રુતિ થકી અંશ વડે નાનાત્વ નથી. કાર્ય અવસ્થામાં વ્યાપકત્વનો તિરોભાવ છે.

વાદી એમ શંકા કરે કે અન્યોન્યાભાવ છે, અને તે પ્રતિયોગીતાવચ્છેદક આરોપના અપવાદ રૂપ હોવો જોઇએ અર્થાત્ અભાવના અવચ્છેદક આરોપની નિવૃત્તિરૂપ અન્યોન્યાભાવ છે, તેમ હોવાથી ઘટત્વ, પટત્વ, એકત્ર નથી એમ કહેવું થાય છે એ શંકા દૂર કરવાને માટે કહે છે કે એ કહેવું સાર ભૂત નથી કેમકે સત્ અને પાર્થિવદ્રવ્યને વિષે બંનેનું વિદ્યમાનપણું છે સર્વ ગુણની પ્રસિદ્ધિને માટે તે પ્રકારે પ્રકટ થયેલા બ્રહ્મની ધર્મવૈલક્ષણ્યથી જણાતી ભેદપ્રતીતિ છે કેમકે શ્રુતિ, સ્મૃતિ અને વિદ્વાનની પ્રતીતિથી વસ્તુનું એકત્વ સિદ્ધ થાય છે તેથી ભેદ પ્રતીતિ ધર્મથીજ લક્ષિત થાય છે ત્યાં વાદી એમ શંકા કરે કે સ્વરૂપ વડે ધર્મો ધર્મી થકી ભિન્ન છે એમ સિદ્ધ થયું. ત્યાં કહે છે કે તેમ પણ નથી ધર્મીનોજ પ્રથમ ધર્મરૂપ વડે આવિર્ભાવ છે જેમ નાનારૂપવડે પ્રકટથયેલા નટના બે રૂપને વિષે ભેદ નહિ છતાં ભેદ પ્રતીતિમાત્ર જણાય છે તેથી આ અબ્રહ્મ (બ્રહ્મ રહિત) છે એવો અર્થ પ્રતીત થતો નથી પણ સર્વ બ્રહ્મ છે એવો અર્થ પ્રતીત થાય છે.

ટીકા—એ પ્રકારે સ્વરૂપ થકી સર્વનું સર્વાત્મકત્વ સિદ્ધ

થયા છતાં પણ અંશોનો પરસ્પર ભેદ દેખાવાથી પાછા વાદીઓ શંકા કરવાને માટે ઊભા ન થાય તેને માટે ભેદ સ્વરૂપનો નિરાસ કરવાને માટે તેમનાજ વિકલ્પો કહી સિદ્ધાન્તનો નિશ્ચય કરવામાં આવે છે. पूर्णात्पूर्णमुदच्यते એ શ્રુતિમાં બ્રહ્મથકી કાર્યનું ઉદ્‌ગમન થયા છતાં પૂર્ણત્વનું શ્રવણ થાય છે તેથી અંશથી થયેલું નાનાત્વ નથી પણ बहुस्याम् શ્રુતિમાં કહેલી ભગવદિચ્છાથી કાર્યાવસ્થાને વિષે વ્યાપકત્વનો તિરોભાવ થવાથી નાનાત્વ ઉદ્‌ગત થાય છે ભગવાનનું સર્વત્ર સર્વરૂપત્વ હોવાથી તેમ હોઈ શકે છે એમ ન હોયતો અસત્કાર્યવાદની આપત્તિ આવે તેનું દૂષણ વિદ્વન્મંડનની ટીકામાં આવિર્ભાવતિરોભાવવાદમાં વિસ્તારથી કહેલું છે તેમ હોવાથી આગંતુકનાનાત્વ નથી પણ એકત્વ અવિરોધી નાનાત્વ ઇચ્છાથી પ્રકટ થાય છે તેથી તે સ્વરૂપના એકત્વનું બાધક નથી; યુક્તિ વિરોધ થકી અયુક્ત છે એમ પણ શંકા કરવી નહિ કેમકે યુક્તિવિરોધ બ્રહ્મને વિષે ભૂષણ રૂપ છે तदेजति तन्नैजति आसीनो दूरंव्रजति शयानो यातिसर्वतः એ શ્રુતીમાં યુક્તિવિરોધ સ્પષ્ટ છે કેમકે બેઠેલો દૂર ગમન કરી શકે નહિ અને સુતેલો સર્વત્ર ગતિ કરે એ યુક્તિ વિરૂદ્ધજ છે. પણ બ્રહ્મ વિરૂદ્ધધર્માધાર હોવાથી એ યુક્તિવિરોધ દૂષણરૂપ હોઇ શકતો નથી પણ ભૂષણ છે नहि विरोध उभयं (ભા. ૯. ૩૬. ૪.) એ ભાગવતના ગદ્યમાં પણ ઉભયધર્મ ભગવાનને વિષે વિરૂદ્ધ નથી એમ કહેલું છે તેથી એકત્વાવિરોધી શ્રોતનાનાત્વ ભેદરૂપ નથી.

ત્યાં વાદી બીજો વિકલ્પ કરે છે કે ભેદ ન હોય તો વસ્તુઓમાં અન્યોન્યાભાવ છે તેના ઉપર દૂષણ આપે છે કે એ કહેવું સારભૂત નથી કેમકે બંન્ને વિરૂદ્ધ ધર્મોનું સત્‌ને વિષે વિદ્યમાનપણું છે. તેથી ઘટસ્વરૂપ પટસ્વરૂપ ન થાય એ પ્રકારનું સ્વરૂપ સંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાભાવત્વ અન્યોન્યાભાવનું સ્વરૂપ ઘટતું નથી કેમકે સર્વનું સદ્રૂપત્વ હોવાથી સદાત્મકત્વ વડે તત્સંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાનું કહેવુંજ અશક્ય છે માટે તે લક્ષણ સિદ્ધ થતું નથી વળી અભાવ સત્ થકી ભિન્ન

એમ પણ કહેવું શકય નથી. તેમ કેહેવાથી **घटाभावः** ને **घटभेदः** એ પ્રતીતિનો બાધ થાય તે પ્રતીતિભ્રમ નથી કેમકે તે પ્રતીતિ વ્યહારિક દોષ થકી જન્ય નથી ત્યારે ભેદ પ્રતીતિ કેમ થાય ? તેના પ્રત્યુતરમાં કહે છે તે તે રૂપવડે પ્રકટ થયેલા પરમાત્માના ધર્મ વૈલક્ષણ્ય થકી ભેદપ્રતીતિ છે. તેમ શ્રુતિ અને સ્મૃતિઓ અને વિદ્વાનોનો અનુભવ છે.

सदेवसोम्येदंसन्मूलाः सौम्येमाःप्रजाः ॥ (श्रुति)
भूतानि विष्णुर्भुवनानि विष्णुः ॥ (स्मृति.)

એ શ્રુતિ અને સ્મૃતિ તથા વામદેવ અને શુકાદિકની પ્રતીતિવડે વસ્તુનું એકત્વ સિદ્ધ થાય છે, માટે બીજાઓની ભેદપ્રતીતિ ભ્રાન્ત છે, તેથી ભેદપ્રતીતિ ધર્મવૈલક્ષણ્યથીજ છે.

વાદી ફરીથી શંકા કરે છે કે તેમ હોય તો ધર્મો ધર્મી થકી ભિન્ન છે. એમ તેજ પ્રમાણોથી સિદ્ધ થાય છે આના ઊત્તરમાં કહે છે કે તેમ થતું નથી કેમકે **सोऽकामयत् ॥ सतपोऽतप्यत** ઇત્યાદી શ્રુતિમાં બહુભવન કહેલું છે. તેથી પોતેજ ધર્મરૂપથી આવિર્ભાવને પામે છે, તેમ હોવાથી ધર્મો ધર્મી થકી ભિન્ન નથી, પણ ભગવાનનું તે પ્રમાણે પ્રાકટય હોવાથી પરસ્પર વિલક્ષણત્વ વડે ભિન્ન ધર્મો નટરૂપની પેઠે પ્રતીત થાય છે. પ્રથમ ધર્મરૂપવડે આવિર્ભાવ છે એમ કહેવાથી પ્રાથમ્ય કાળકૃત હોવાથી ભેદ સિદ્ધ થાય. તેનો નિરાસ કરવાને માટે **सदेव सोम्येदमग्रआसीत् ॥** એ શ્રુતિમાં કહેલા કાળનું પ્રતિપાદન હોવાથી ભિન્નતાનું નિરાકરણ થયું, અને તે પ્રસંગથી એક પદની મુખ્યાર્થતાનું પણ નિરાકરણ થયું તેથી **अस्ति भाति प्रियं रूपं नाम चेत्यंशपंचकं । आद्यत्रयं ब्रह्मरूपं द्वयं मायिकमुच्यते ॥** અર્થ—અસ્તિ, ભાતિ, પ્રિય, નામ અને રૂપ એ પાંચ અંશ છે, તેમાં પહેલા ત્રણ બ્રહ્મરૂપ છે, અને નામ અને રૂપ એ બે માયિક કહેવાય છે. તેનું પણ નિરાકરણ થાય છે. એ પ્રકારે પ્રપંચના બ્રહ્મભિન્નત્વનું અને માયિકત્વનું નિરાકરણ કરવાથી પ્રપંચ અબ્રહ્મજ છે એવો અર્થ

પ્રતીત થતો નથી. તેથી પ્રથમ કહ્યા પ્રમાણે અર્ધજરતીય ન્યાય થકી ઊપનિષદ્‌નું વેદાંતત્વ પ્રસિદ્ધ છે પણ મીમાંસકોના કહેવા પ્રમાણે નથી.

(આંહી આટલા ગ્રંથથી નિર્વાહ થઇ શકે છે કેમકે ભેદવાદ ને માયાવાદનું નિરાકરણ એક હેલામાત્રથી થયું છે તોપણ ઉપસંહારમાં मायावादोनिराकृतः એમ કેહેવાથી તથા આ સ્થળમાં પ્રથમ પદથી એટલો ગ્રંથ ત્રુટેલો છે એમ જણાય છે.)

अतःकृतापिजिज्ञासा कुंठितैवभवेद्ध्रुवम् ॥ ३० ॥
अनारभ्याधीतगार्ह्यस्मार्ता इव भवेद्यदि ॥ ३१ ॥
प्रक्रिया महतां वृत्तिः स्वातंत्र्यंचात्र तेन न
धर्मार्थकाममोक्ष्याख्यं श्रेयः स्मार्तं न वैदिकम् ॥३२॥
पुरुषेक्षावशेनैते साध्यसाधनातां गताः
अलौकिको हि वेदार्थः प्रमाणांतरगो न हि ॥ ३३ ॥

અર્થ—આ હેતુથી મીમાંસકે કરેલી ધર્મજીજ્ઞાસા વેદાંતને નહિ ગ્રહણ કરવાવડે કુંઠિત થાય છે ગૃહ્યસ્મૃતિની પેઠે વેદાંતો કોઇપણ શાખીના અધિકાર વગર કહેલા હોય તેમ નથી કેમકે તેમાં સ્મૃતિઓની પેઠે સ્મૃતિકારોનો પ્રકાર અને વ્યવહાર નથી અને જેમ સ્મૃતીઓનું વેદ થકી ભિન્નત્વ છે તેમ વેદાંતોનું નથી ધર્મ અર્થ, કામ અને મોક્ષ નામનું સ્માર્તશ્રેય વૈદીક હોઇ શકતું નથી. કેમકે સ્માર્ત પુરૂષાર્થો મનુષ્યના જ્ઞાનથી સાધ્યસાધનતાને પામેલા છે વેદાર્થ અલૌકિક છે, તે બીજા પ્રમાણથી પ્રાપ્ત નથી.

ટીકા—મીમાંસકોએ કહેલી રીતિ વડે વેદ (પૂર્વકાંડ) અને વેદાન્ત [ઉત્તરકાંડ] ની એકવાક્યતા કહેવાને માટે અશકય છે. અને તેથી વેદાન્તને વિષે વેદત્વ સિદ્ધ થતું નથી અને સ્વાધ્યાયવિધિથી વેદાન્તનું અધ્યયન નહિ પ્રાપ્ત થવાને લીધે વેદાન્તને નહિ ગ્રહણ કરી શકતી જૈમિનિકૃત ધર્મજીજ્ઞાસા

[પૂર્વમીમાંસા] તે અર્થમાં કુંઠિત થાય છે અને વૈદિકાભિધ્યાન થી વેદાન્તના વેદત્વનું સમર્થન થઇ શકતું નથી ત્યાં વાદી શંકા કરે છે કે વેદાન્ત અનારભ્યાધીત હોવાથી (સર્વ શાખીઓને સાધારણ હોવાથી) તેમાં કહેલા આત્મજ્ઞાનાદિક ધર્મો ગાર્હ્યસ્માર્ત ધર્મની પેઠે પૂર્વમીમાંસાના સ્મૃતિપાદમાં સ્મૃતિના વિચારથીજ તેઓનો વિચાર હોઈ શકે છે, તેથી ધર્મ જીજ્ઞાસાનું કુંઠિતત્વ નથી એ શંકાનો ઉત્તર આપવામાં આવે છે ગાર્હ્ય અને સ્માર્તની પેઠે જો વેદાન્ત હોય તો તેમાં ગૃહ્યકર્તા અને સ્મૃતિકર્તાનો પ્રકાર અને વ્યવહાર હોવો જોઇએ અને વેદાન્તોનું તેઓની પેઠે વેદભિન્નત્વ પણ હોવું જોઇએ ગૃહ્યકારો ત્રણ ધર્મોને વિચારે છે અને તેઓ તે તે કર્મ અને કાલાદિક કહે છે [૧] આચારાદિ ધર્મ [૨] ગાર્હ્ય [૩] ગૃહ્યસ્થાલીપાક એ પ્રકારે ત્રણે ધર્મની પ્રતિજ્ઞા કરીને ગૃહ્યકારો તે તે કર્મ અને કાલાદિક કહે છે, અને સ્મૃતિકારો ધર્મકથનની પ્રતિજ્ઞા કરીને સ્થાનવિશેષમાં તે તે પ્રશ્નથી ધર્મ કહે છે, આ પ્રકાર ગૃહ્યમાં અને સ્મૃતિમાં દેખાય છે, અને અમુક ગૃહ્યસૂત્ર અને અમુકસ્મૃતિ એ પ્રકારના કર્ત્તાના નામપૂર્વક વ્યવહાર દેખાય છે, તેમ વેદાન્તમાં નથી, માટે સ્મૃતિ વિચારથી તેનો વિચાર હોઇ શકતો નથી, તેથી જીજ્ઞાસાનું કુંઠિતત્વ સિદ્ધ થાય છે. કોઈ સ્મૃતિમાં પ્રકાર દેખાતો નથી, અને શ્રુતિમાં પણ મન્વાદિકનો આદર દેખાય છે, તેથી પ્રકારાદિક અપ્રયોજક છે એ શંકા દૂર થવાને માટે બીજી યુક્તિ કહે છે. સ્માર્તધર્માદિક શ્રેય જીવ વિચારિત હોવાથી વૈદિક નથી, કેમકે સ્માર્તધર્માદિક ઋષિયોના સ્મરણપુર્વકવિચારથી સાધ્યસાધનભાવને પામેલા છે, માટે સ્મૃતિમાં પ્રકાર ન હોય, અથવા શ્રુતિમાં મન્વાદિક સ્મૃતિનો આદર છતાં પણ સ્માર્તપુરૂષાર્થ વૈદિક નથી વેદાન્ત તો અપૌરૂષેય હોવાથી, તેમાં કહેલો વેદાર્થ અલૌકિક છે માટે તે યોગાદિપ્રમાણગમ્ય નથી. તેથી તેના વિચારનું આવશ્યકત્વ હોવાથી મીમાંસકનામતથી ધર્મજીજ્ઞાસા કુંઠિત થાય છે.

मूलम्--परमात्मविचारेण ते चत्वारोह्यलौकिकाः
धर्मे ब्रह्मणि च प्रोक्ताः फलत्वेन तथैवते ॥३४॥

विराजमभिपद्यते । अमृती भवति" प्रजापतेरेव सायुज्यमुपैतीदं सर्वं प्रजापतिः न सः पुनरावर्तते ॥ य एवं वेद प्रतितिष्ठति अन्नवानन्नादोभवति महान्भवति प्रजया पशुभिर्ब्रह्मवर्चसेन" इत्यादि

અર્થ—ચાર અલૌકિક પુરૂષાર્થો પરમાત્માના વિચારવડે જેમ પૂર્વકાણ્ડમાં ફલત્વ વડે કહેલા છે, તેમ ઉત્તરકાણ્ડમાં પણ ચાર પુરૂષાર્થો કહેલા છે 'विराजमभिपद्यते' ઈત્યાદિ બંનેકાણ્ડના પુરૂષાર્થોને બતાવનાર શ્રુતિયો છે.

ટીકા—વાદી શંકા કરે છે કે વેદમાં ફળનું પ્રતિપાદન યજ્ઞો વડે થાય છે. વેદાન્તને વિષે યજ્ઞનું પ્રતિપાદન નહિ હોવાને લીધે ફલના અભાવથી તેઓનું વેદોપરત્વ છે, માટે તેના વિચારનું શું પ્રયોજન છે? તેથી તેનો વિચાર નહિ કરવાથી ધર્મજીજ્ઞાસાનું કુંઠિતત્વ થતું નથી. આ શંકાના પ્રત્યુત્તરમાં કહે છે કે જેમ ધર્મકાણ્ડમાં પરમાત્મવિચારથી ચાર અલૌકિકપુરૂષાર્થો ફલત્વથી કહેલા છે તેમજ ઉત્તરકાણ્ડને વિષે પણ ચારે પુરૂષાર્થો કહેલા છે, તેથી વેદાન્તનું ઉપરત્વ હોઈ શકતું નથી. 'विराजमभिपद्यते' એ શ્રુતિ પૂર્વકાણ્ડમાં અર્થ કહે છે. 'अमृती भवति' એ શ્રુતિ પૂર્વકાણ્ડમાં મોક્ષ કહે છે. 'प्रजापतेरेव सायुज्यमुपैति' એ શ્રુતિ પૂર્વકાણ્ડમાં કામ બતાવે છે. 'इदं सर्वं प्रजापतिः' એ શ્રુતિ પૂર્વકાણ્ડમાં ધર્મ બતાવે છે. 'न स पुनरावर्तते' એ શ્રુતિ ઉત્તરકાણ્ડમાં મોક્ષ બતાવે છે. 'महान् भवति प्रजया' એ શ્રુતિ ઉત્તરકાણ્ડમાં કામ બતાવે છે. 'पशुभिर्ब्रह्मवर्चसेन' એ શ્રુતિ ઉત્તરકાણ્ડમાં અર્થ બતાવે છે. 'यएवं वेद प्रतितिष्ठति अन्नवानन्नादो भवति' એ શ્રુતિ ઉત્તરકાણ્ડમાં ધર્મ બતાવે છે. એ રીતે બન્ને કાણ્ડમાં સમાન ફલ

શ્રુતિને વિષે શ્રવણ થાય છે તે કારણથી ઉત્તરકાણ્ડનું ઉપરત્વ કહેવું અસંગત હોવાથી મીમાંસકમતમાં ધર્મજીજ્ઞાસા કુંઠિત થાયછે.

मूलम्--अथ वेदाध्ययनं ब्रह्मचर्ये वेदान्ताध्ययनं संन्यास इति तद्विचारः पृथगेव समाप्तिश्च श्रूयते शिक्षायां" वेदमनूच्याचार्योंतेवासिनमनुशास्ति" इत्यादिना उपनिषदनंतरं पठिताचार्यांतरेऽपि गुणोपसंहारन्यायेन पूर्वकांडाध्ययनमेव ब्रह्मचर्येनोत्तरकांडस्य सौकर्यार्थमेव पाठांतरम् ॥ इदानीं विचारस्तु पश्चादेवेति नैकवाक्यता ॥ अत एव विचारोऽपि पृथगेव सांगोपनिषद इति पृथक्पुराणेषु निर्देश इति ॥ अथवा कुत्रापि आश्रमे विचारोऽस्तु नैकवाक्यता न वेदत्वमुपनिषदाम् ॥ स्वरादिनियमस्तदंतानामपि आचारपरंपरया ॥ वाक्ये नतूपयोगो "यदेव विद्यया करोति" इति ॥ तथापि कथमुपयोग इति चेद् ॥ उच्यते ॥ लौकिकेषु पदार्थेषु सांगो यज्ञोऽध्यस्यते वैदिके तत्रार्थे वैदिकता संपद्यत इति ॥ ब्रह्मवादेन सर्वस्यापिं ब्रह्मत्वेऽवगते ब्रह्मण्येव यज्ञःप्रतिष्ठितोऽपि भवति ॥ अयज्ञकालेऽपि वैदिकत्वं सिद्ध्यति ॥ ननु वेदांत्वम् कथम् ॥

અર્થઃ—બ્રહ્મચર્યને વિષે વેદાધ્યયન અને સંન્યાસને વિષે વેદાન્તાધ્યયન એ બન્નેનો વિચાર પ્રથક્જ છે એમ વાદીનું કહેવું થાય છે. ત્યાં કહે છે કે સમાપ્તિ શિક્ષાને વિષે શ્રવણ થાય છે અને વેદ કહીને આચાર્ય વિદ્યાર્થીને શિક્ષા આપે છે ઇત્યાદી

વાકયોથી ઊપનિષદ્ અનંતર પઠિત છે એમ જણાય છે; જો મીમાંસકે કહેલી રીતિ પ્રમાણે એકવાકયત્વ અભિપ્રેત હોય તો વેદની સમાપ્તિ પછીના ભાગને ઊપનિષત્ કહે નહિ બીજા આચાર્ય ને વિષે પણ ગુણોપસંહારન્યાયથી બ્રહ્મચર્યને વિષે પૂર્વકાણ્ડનુંજ અધ્યયયન છે ઊત્તરકાણ્ડનું નથી હાલ ઊત્તર કાણ્ડનું અધ્યયન બ્રહ્મચર્યમાં સૌકર્યને માટેજ છે પણ વિચાર તો પછીજ [સંન્યાસમાં] છે આ પ્રકારના શાસ્ત્રભેદથી પણ વિચાર પ્રથક્ છે અને તેથીજ પુરાણુમાં સમગ્રવેદ અને સાંગઊપનીષત્ એવો પ્રથક્ નિર્દેશ છે અથવા કોઇપણ આશ્રમમાં વિચાર હોય પણ મીમાંસકના મત પ્રમાણે એકવાકયતા અને ઊપ-નિષદોનું વેદત્વ હોઇ શકતું નથી. વેદાન્તોને વિષે સ્વરાદિ નિયમ આચાર પરંપરાથી છે यदेव विद्ययाकरोति એ વાકય વડે ઊત્તરકા-ણ્ડનો પૂર્વને વિષે ઊપયોગ છે [પણ શેષત્વનથી] તેવડે કેમ ઉપયોગ છે તે કહેવાય છે; લૌકિક પદાર્થોમાં સાંગયજ્ઞ આરોપિત કરાય છે, ત્યારે પદાર્થોમાં વૈદિકત્વ પ્રાપ્ત થાય છે. બ્રહ્મવાદ વડે સર્વનું બ્રહ્મત્વ જાણવાથી યજ્ઞ બ્રહ્મને વિષેજ પ્રતિષ્ઠિત થાય છે યજ્ઞ સિવાયના કાળમાં પણ પદાર્થોનું વૈદિકત્વજ સિદ્ધ થાય છે આ સિવાય મીમાંસક અને માયાવાદના મતથી ઊપનિષદ્નું વેદા-ન્તત્વ કોઈ પણ પ્રકારે સિદ્ધ થતું નથી.

ટીકા—એ પ્રકારે જીજ્ઞાસાનું કુંઠિતત્વ સિદ્ધ થવાથી ધર્મ સર્વ વેદનો અર્થ નથી પણ પૂર્વકાંડનોજ અર્થ છે એમ સિદ્ધ થાય છે તેમ હોવાથી વેદાન્તને વિષે અપૌરૂષેયશબ્દત્વ અને પરમાત્મવાકયત્વ હોવાથી વેદત્વ અવશ્ય કહેવાને યોગ્ય છે. તો-પણ વિભાગમાં સાકાંક્ષત્વ નહિ હોવાને લીધે એકવાકયતાના અભાવથી બંન્નેનું ભિન્નશાસ્ત્રત્વ છે, તેથી તમારા મત પ્રમાણે તેઓનું એકવાકયત્વ કેમ થાય? એ પ્રકારનો આરોપ તેઓના ઊપર કરવામાં આવે છે.

પ્રત્યક્ષ અથવા અનુમાનથી જે ઊપાય જાણી શકતો નથી તે વેદથી જાણી શકાય છે માટેજ વેદનું વેદત્વ છે.

प्रत्यक्षेणानुमित्या वा यस्तूपायोनबुध्यते ॥
एतं विदति वेदेन तस्माद्वेदस्य वेदता ॥

એ વાકય થકી સર્વ પ્રત્યક્ષાદિથી અગમ્ય શ્રેય સાધન-નુંજ વેદત્વ સ્વીકારે છે તો જૈમિનિએ અલૌકિક ઉપાયની જીજ્ઞાસા કહી નથી, તેથી જીજ્ઞાસાનું કુંઠિતત્વ દૂર થઈ શકે એમ નથી તેમાં ભાટ્ટમતના અથવા માયાવાદી અથવા જૈમિનિપ્રણીતસંકર્ષણકાંડાભિમાની અકુંઠતા પ્રતિપાદન કરે તેને માટે તેનો અનુવાદ કરી દૂષણ આપવામાં આવે છે. આ ઠેકાણે વેદાન્તાર્થના અવિચારથી જીજ્ઞાસાની કુંઠતા થતી નથી કેમકે ઉપનયન પછી વેદાધ્યયન અધ્યયનવિધિવડે પ્રાપ્ત છે અને તે અર્થજ્ઞાનને માટે હોવાથી તેનો વિચાર આવશ્યક છે તેથીજ પૂર્વ કાણ્ડનોજ વિચાર અધ્યયનવિધિથી સિદ્ધ થાય છે, માટે જૈમિ-નિકૃત મીમાંસામાં ધર્મ જીજ્ઞાસાની પ્રતિજ્ઞા કરેલી છે, વેદાન્તાર્થની જીજ્ઞાસા કહેલી નથી કારણ કે તૈત્તીરીય ઉપનિષદ્‌માં ભાર્ગવી વિદ્યાને વિષે ભ્રગુ પોતાના પિતા વરૂણ પાસે ગયા, અને તેમણે કહ્યું કે હે ભગવન્ ! બ્રહ્મ કહો. તેમજ છાંદોગ્યમાં સનત્ કુમાર પ્રત્યે નારદ ગયા. નારદને સનત્ કુમારે કહ્યું કે તું જે જાણે છે તે થકી ઊર્ધ્વ હું તને કહીશ. એ પ્રમાણે અધ્યયન અને અધ્યાપનનું ઉપર બતાવ્યા પ્રમાણે દ્યોતન હોવાથી વેદાન્તનું અધ્યયન સંન્યા-સમાં છે, કેમકે પૂર્વે તેનો અધિકાર હોતો નથી પછી મુમુક્ષુત્વાદિ સાધનચતુષ્ટય અથવા સંકર્ષણ કાણ્ડમાં કહેલો અધિકાર સંપન્ન થયે વેદાન્તનો અધિકાર થાય છે માટેજ વ્યાસે અને જૈમિનિએ બંને કાણ્ડનો પ્રથક્‌વિચાર કરેલો છે એ પ્રમાણે વિષયભેદ થકી ધર્મ જીજ્ઞાસાની કુંઠતા નથી. તેમજ પ્રથક્ વિચાર થકી એકવા-કયત્વની અને વેદત્વની હાની નથી **तमेतम्** એ શ્રુતિથી વેદ વેદા-ન્તનું અંગ હોવાથી એકવાકયતા છે અને વેદાન્તને વિષે મંત્ર બ્રાહ્મણાત્મકત્વ હોવાથી અથવા અપોરૂષેયશબ્દત્વથી વા પરમા-ત્મ વાકયત્વથી વેદત્વ છે આ પ્રકારે મતાંતરથી સમાધાન કરે તેમાં પૂર્વે કહેલું દૂષણ સ્મરણ કરાવે છે. **वेदमनूद्य** એ

એ શ્રુતિમાં વેદની સમાપ્તિ કહી પછી ઉપનિષદ્ કહેલી છે. જો તમારા કહેવા પ્રમાણે એકવાક્યતા અભિપ્રેત હોયતો વેદની સમાપ્તિ કહી તે પછીના ભાગને ઉપનિષદ્ કહે નહિ.

શિક્ષામાં **वेदमनूच्य** એ વાકયમાં **क्त्वा** પ્રત્યયથી વેદાધ્યાપન અને ઉપનિષદાધ્યાપનની એકકર્તૃતા છે વેદાધ્યાપનની પૂર્વકાલિકતા પ્રાપ્ત થાય છે, કેમકે **क्त्वा** પ્રત્યયનું તેનેજ વિષે અનુશાસન છે, તેથી શાસ્ત્રસમાપ્તિ નથી જ્યાં એકાચાર્યતા હોય ત્યાં ઉપનિષદ્નો પાઠ પછીથી અર્થાત્ પ્રાપ્ત છે તેથી તે બંનેનું ભિન્નશાસ્ત્રત્વ નથી. બીજા આચાર્યથી તેનું પાઠન થયે પણ શાસ્ત્ર સમાપ્તિનો અભાવ હોવાથી એકવાકયત્વનો અભાવ હોઇ શકે નહિ. એ શંકાના પ્રત્યુત્તરમાં કહે છે કે, બીજા આચાર્યને વિષે અધ્યયન પ્રાપ્ત થાય ત્યારે તે અધ્યયન બ્રહ્મચર્યમાં કે સંન્યાસમાં છે? જો પ્રથમ પક્ષ સ્વીકારવામાં આવે તો ગુણોપસંહાર ન્યાયથી પૂર્વકાણ્ડનુંજ અધ્યયન બ્રહ્મચર્યમાં થાય. બ્રહ્મચર્યને વિષે વિધાન કરેલુ જે પૂર્વકાણ્ડનું અધ્યયન તે બ્રહ્મચારીને છે, તેનું અધ્યાપન તેના ગુણભૂત આચાર્યાન્તરને છે સમાન વિષયવાનઅધ્યયન અને અધ્યાપન વીષે ઉપસંહારની પ્રાપ્તિ છે **उपसंहारोऽर्थाभेदात् विधिशेषवत् समानेच** એ સૂત્રને વિષે તે પ્રમાણે સિદ્ધ થાય છે સમાન વિષયના અભાવથી ઉત્તરકાણ્ડનું અધ્યયન બ્રહ્મચર્યમાં નથી. આટલા હેતુથી આચાર્યાન્તરને વિષે અધ્યયન થતાં પણ **वेदमधीत्य स्नायात्** એ વાકયથી અધ્યયન પછી સમાવર્તનની પ્રાપ્તિ હોવાને લીધે શાસ્ત્ર સમાપ્તિનો બાધ આવતો નથી. અને ઉપનિષદ્ના આનંતર્યનો બાધ પણ થતો નથી તેથી શાસ્ત્રભેદ બાધરહિત છે. જો સંન્યાસમાં અધ્યયન છે એવો પ્રક્ષ સ્વીકારે તો તેના મતમાં કેવળ જ્ઞાનનું મોક્ષહેતુત્વ હોવાથી **विविदिषन्ति** શ્રુતિવડે વેદોક્ત સાધનનો વિવિદિષાને વિષે અંગીકાર હોવાથી વેદને વિષે જ્ઞાનશેષતાનો પણ અભાવ હોવાથી એકવાકયતા થઇ શકે નહિ, અને ઇચ્છાનું અપુરૂષાર્થ હોવાને લીધે વેદનું અપુરૂષાર્થપર્યવસાયિત્વ અને વેદપ્રયોગાભાવપ્રાપ્તિ એવા અધિક દોષ થાય.

જો એકવાકયત્વ ન હોય તો આ વખત એક આચાર્ય થકી વેદ અને ઉપનિષદ્‌નું બ્રહ્મચર્યમાંજ અધ્યયન કરવામાં આવે છે અને તેજ પ્રમાણે શિષ્ટપુરૂષો અધ્યયન કરાવે છે તે કેમ હોઈ શકે ? એ શંકાની નિવૃત્તિને માટે કહે છે કે આ વખતે સૌકર્યને માટેજ ઉપનિષદ્‌નું પઠન પાઠન છે, પણ વિચાર તો પછીજ છે. કેમકે સાધન ચતુષ્ટયસંપત્તિ પછી તમોએ ઉપનિષદ્‌ના વિચારનો સ્વીકાર કરેલો છે, તેથી પણ તમારા મત પ્રમાણે એકવાકયતા હોઈ શકતી નથી, ત્યાં વાદી કહે છે કે તેમ હોય તો વિચારનું પાશ્ચાત્ય અધિકારભેદકૃત છે, પણ શાસ્ત્રભેદ કૃત નથી, માટે જે અમે કહ્યું તેનોજ તમારે આદર કરવો જોઈએ. તેના પ્રત્યુત્તરમાં કહે છે કે શાસ્ત્રભેદ થકીજ વિચાર પણ પ્રથક્ છે, કારણ કે પુરાણમાં सांगोपनिषद्: એ વાકયમાં વેદ અને ઉપનિષદ્‌નો પ્રથક્ નિર્દેશ કરેલો છે, માટે તમારા કહેવા પ્રમાણે યુક્ત નથી. જે મતમાં અલૌકિક ઉપાયના આવેદકત્વરૂપ વેદત્વ ગ્રહણ કરી બીજા આશ્રમમાં પણ વિચાર છે, એમ અંગીકાર કરાય તે મતમાં એકવાકયત્વ નહિ એમ સ્વીકારવું જોઈએ. તેના પ્રત્યુત્તરમાં કહે છે કે ગમે તે આશ્રમમાં વિચારહો તેના મતમાં પણ ઉપનિષદ્‌નું તેવું વેદત્વ નથી. જો તે પ્રમાણે જૈમિનિનું ઇચ્છિત હોય તો જૈમિનિ પ્રથમ ધર્મજીજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી તેના અવાન્તર વિચારથી अथातः शेषलक्षणं अथातः क्रत्वर्थपुरुषार्थयोर्जिज्ञासा એ પ્રમાણે જેમ મધ્યમાં કહે છે તેમજ પૂર્વે અલૌકિકઉપાયની જીજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી પછી તેના વિશેષ વિચારત્વવડે ધર્મ જીજ્ઞાસાને ઉપાસના જીજ્ઞાસાની પ્રતિજ્ઞા કરત પણ તેમ નથી. તેથી તેવા ઉપાયવિશેષનું આવેદકત્વરૂપ ઉપનિષદોનું વેદત્વ તેને અભિપ્રેત નથી માટે તે રીતવડે પણ વેદાન્તનું વેદની સાથે એકવાકયત્વ હોઈ શકતું નથી.

એ પ્રમાણે તેનો મત દૂષિત કરી વૈદિકો ઉપનિષદ્‌ને વિષે વેદ એ પ્રકારનું અભિધાન (નામ) અને સ્વરાદિ નિયમ માને છે એમ કહી કોઇ પૂર્વપક્ષી શંકા કરે તે નિવૃત્ત થવા કહે છે

વેદાન્તોને વિષે સ્વરાદિનિયમ પણ આચારપરંપરાથી છે આનો વિશેષ પ્રત્યુત્તર પૂર્વે આપેલો છે તેથી ફરીથી કહેવામાં આવતો નથી यद्देव એ વાકયનો ઊત્તર પ્રથમ સમ્યક્ નહિ પ્રાપ્ત થવાથી કહે છે यद्देव विद्यया करोति એ વાકયવડે ઊપનિષદ્‌નો પૂર્વકાણ્ડમાં ઊપયોગ છે પણ અંગતા હોઇ શક્તી નથી. તેમ કહેવાથી ફલશ્રુતિ અને પૂર્વકાણ્ડની સમાપ્તિનો વિરોધ આવે એ પૂર્વે કહેલું છે, તેથી શંકાનો અવકાશ નથી. ત્યાં વાદી એમ કહે કે શ્રાદ્ધમાં જ્ઞાનનો ઉપયોગ આનન્ત્યને માટે છે અને તે પણ સંપ્રદાન પુરૂષદ્વારા છે અને આ ઠેકાણે તો કર્મવૈષ્કલ્ય ફલત્વથી કહેવાય છે તેમાં દ્વાર તો કહેવાને માટે શકય નથી તેથી પરાભવ થશે આ શંકાની નિવૃત્તિને માટે કહે છે કર્મકાન્ડને વિષે વેદાન્તનો ઉપયોગ શી રીતે છે એ સોપપત્તિક પ્રકાર કહેવામાં આવે છે લૌકિક પદાર્થવડે યજ્ઞ સંભવતો નથી તેથી व्रीहीन् प्रोक्षति ઇત્યાદિ ગુણ બોધક વાકયોવડે સાંગયજ્ઞ લૌકિક પદાર્થને વિષે આરોપિત કરાય છે. જેમ દેવતાના આરોપણવડે મૂર્તિનું દેવતાત્વ થાય છે તેમ વૈદિકકર્મમાં તેના સાધનભૂત પદાર્થની ગુણબોધક વાકયોથી વૈદિકતા પ્રાપ્ત થાય છે તે પૂર્વકાણ્ડમાં સિદ્ધ છે ઉત્તરકાણ્ડમાં सन्मूला सौम्येमाः प्रजाः इदं सर्वं यदयमात्मा ઈત્યાદિ વાકય શ્રાવિત બ્રહ્મવાદવડે સર્વ પ્રપંચનું તથા પ્રાપંચિક વસ્તુનું બ્રહ્મત્વ જાણવાથી યજ્ઞો પણ સદ્રૂપ હોવાથી બ્રહ્મરૂપ થાય છે અને યજમાનના અપરાભવને માટે પ્રતિષ્ઠિત થાય છે તે તૈત્તિરીય સંહિતામાં यज्ञे वाव यज्ञं प्रतिष्ठाप्यासीत् यजमानस्यापराभवाय ॥ યજ્ઞને વિષે યજ્ઞની યજમાનના અપરાભવને માટે પ્રતિષ્ટા કરી રહેવું એમ કહેલું છે અયજ્ઞના વખતમાં પણ પદાર્થનું બ્રહ્મરૂપ જાણવાથી તેઓનું વૈદિકત્વ સિદ્ધ થાય છે. તેમ હોવાથી અપરાભવાદિ ફલને માટે બ્રહ્મવાદથી સર્વનું બ્રહ્મજ્ઞાન થવું તે દ્વાર છે. એ પ્રમાણે ઉત્તર દેવાથી વૈદિક મતમાં વેદાન્તોનું પૂર્વોક્ત અર્ધજરતીય ન્યાય થકી વેદાન્તત્વ છે એ ઉપ-

સંહાર થયો. सर्वे वेदा यत्पदमामनन्ति ओमित्येतदक्षरं ॥ इदम् सर्वंतस्योपव्याख्यानम् ॥ ઈત્યાદિ શ્રુતિઓથી અને वेदैश्चसर्वै रहमेव वेद्य ॥ वेदास्त्रिकांडविषया ब्रह्मात्माविषयाइमे ॥ परोक्षवादाऋषयः परोक्षंचमम प्रियम् ॥ ઇત્યાદિ સ્મૃતિથી બંને કાણ્ડનું પણ બ્રહ્મવિષયત્વ હોવાથી મોક્ષૈકપ્રયોજનવડે એકવાકયત્વ છે બીજે પ્રકારે એકવાકયતાનો અંગીકાર કરો તો કોઈ પણ પ્રકારે હોઈ શકતી નથી. કર્મમીમાંસક અને માયાવાદીના મતને અવલંબન કરીને ઊત્તરકાણ્ડનું વેદાન્તત્વ કોઈ પણ પ્રકારે સમર્થન હોઈ શકે છે. ? અર્થાત્ હોઈ શકતું નથી.

तच्च कृष्णप्रसादेन मायावादो निराकृतः ॥
आवैदिको महादेवस्तत्र साक्षी न संशयः ॥

અર્થઃ—(અયોગ્યરીતે એકવાકયતા પ્રતિપાદન કરનાર) મીમાંસકાદિ મત અને માયાવાદનું શ્રીકૃષ્ણની કૃપાથી નીરાકરણ કર્યું. સર્વ પ્રકારે વૈદિક શ્રીમહાદેવજી તેમાં સાક્ષી છે તેમાં શંશય નથી.

ટીકા—મીમાંસકાદિ મત અને માયાવાદનું નિરાકરણ શ્રી કૃષ્ણના પ્રસાદથી કરેલું છે પણ યુક્તિ માત્રથી કરેલું નથી. શ્રીકૃષ્ણના પ્રસાદનું બીજ આ ઠેકાણે એ છે કે ભગવાનનો બ્રહ્મવાદ સ્થાપન કરવાનો મત છે. एषतेऽभिहितःकृत्स्नो ब्रह्मवादस्य संग्रहः। समासव्यासविधिना देवानामपिदुर्लभः એ વાકયથી ભગવાને એકાદશસ્કંધમાં ઊદ્ધવજીને કહ્યું છે કે મેં તને આ બ્રહ્મવાદનો સંગ્રહ સંક્ષેપ અને વિસ્તારથી કહ્યો છે તે દેવોને પણ [સાત્વિક પ્રકૃતિના પુરૂષોને પણ] મારી કૃપાના અભાવે દુર્લભ છે. ભગવાનનો મત બ્રહ્મવાદ હોવાથી ભગવાનની કૃપાથીજ માયાવાદનું નીરાકરણ અને બ્રહ્મવાદનું સ્થાપન છે. બ્રહ્મવાદનું સ્વરૂપ सर्वे वेदा ઇત્યાદિ ઊપર કહેલી શ્રુતિઓથી સમજવું મહાદેવનું સમગ્ર પ્રકારે વૈદિકત્વ वेदःशिवः शिवोवेदः वेदाध्यायी सदाशिवः॥ એ શિવપુરાણના વાકયથી સિદ્ધ થાય છે.

ये वैदिका महात्मानस्तेषां चानुमतिस्तथा ।
अवेदविन्न मनुते मया चोपेक्षितः पुनः ॥
स्थापितो ब्रह्मवादो हि सर्ववेदान्तगोचरः ।
काशीपतिस्त्रिलोकेशो महादेवस्तु तुष्यतु ॥
कस्यचित्त्वथ संदेहः समां पृच्छतु सर्वथा ।
न भयं तेन कर्तव्यं ब्राह्मणानामियं गतिः ॥
डिंडिस्तु वादितो द्वारि विश्वेशस्य मयात्रहि ।
विद्वद्भिः सर्वथा श्राव्यं तेहि सन्मार्गरक्षकाः ॥

અર્થ—જે વૈદિક મહાત્માઓ છે તેઓની તે પ્રકારે અનુમતિ છે જે વેદને નહિ જાણનાર ન માને તેઓની અમે ઊપક્ષા કરીએ છીએ [૨] સર્વ વેદાન્તના વિષયભૂત બ્રહ્મવાદ નિશ્ચય સ્થાપન કર્યો ત્રણ લોકના નિયંતા કાશીપતિ મહાદેવ પણ તેનાથી પ્રસન્ન થાઓ [૩] આ બ્રહ્મવાદ સ્થાપ્યા પછી કોઇને સંદેહ હોય તો સર્વપ્રકારે મને આવીને તે પૂછો તેમાં તેણે કોઇ પ્રકારનો ભય રાખવો નહિ કેમકે [નિર્ભયપણે પુછવું] એ બ્રાહ્મણોની ગતિ છે. [૪] સર્વને જાણ થવાને માટે આ કાશીપુરીમાં વિશ્વેશ્વરના દ્વારને વિષે મેં આ ડિંડંમ [નોબત અથવા નગારૂં] વગાડેલું છે વિદ્વાનોએ તે સર્વથા શ્રવણ કરવું જોઇએ કેમકે તેઓ સન્માર્ગના રક્ષક છે.

ટીકાઃ—જે વૈદીક મહાત્માઓ છે તેઓની શ્રી મહાદેવજી સાક્ષી છે એ વીષે અનુમતિ છે.

શબ્દાર્થ વિચારથી આપે જે કહ્યું તે મીમાંસકાદિ વૈદિકોએ માનવાને યોગ્ય છે. પણ નૈયાયિકાદિ તે માને તેમ નથી તેથી વાદ બસ નથી આ શંકાના પ્રત્યુત્તરમાં કહે છે કે જે વેદને જાણનાર નથી તેની મે ઊપેક્ષા કરી છે.

एतेन शिष्टापरिग्रहा अपि व्याख्याताः એ સૂત્રમાં તર્કાપ્રતિષ્ટાન ન્યાયવડે શ્રેષ્ટ પુરૂષો જે વાદોને સ્વીકારતા નથી તે વાદોની ઊપેક્ષા છે. માટે તેઓના અનાદરથી ક્ષતિ નથી.

બ્રહ્મવાદના સ્થાપનમાં શ્રી મહાદેવજીનો સંતોષ છે તેથી તે સાક્ષિત્વ કરશે માટે અમો બ્રહ્મવાદના સ્થાપનમાં એ સાક્ષી છે એમ અમે કહીએ છીએ.

શંકા—જો શ્રી મહાદેવજીના સંતોષને માટે બ્રહ્મવાદનું સ્થાપન હોયતો આ પત્રાવલંબન કરવાનું શું પ્રયોજન છે? આ શંકાના પ્રત્યુત્તરમાં કહે છે કે કોઇ પ્રતિવાદીને સંદેહ હોય તો તેનું નિરાકરણ કરવું એજ પ્રયોજન છે વાદમાં જયપરાજયનો સંભવ હોવાથી તેથી ભય રાખવાનું કારણ નથી કેમકે પૂર્વે યાજ્ઞવલ્કયાદિએ તેમ કરેલું છે. આ વાદ છાનો નહિ હોવાથી મેં વિશ્વેશ્વરના બારણામાં ડિંડિમ વગાડેલું છે, તે વિદ્વાનોએ સર્વ પ્રકારે શ્રવણ કરવાને યોગ્ય છે, કારણ કે તેઓ સન્માર્ગના રક્ષક છે.

अविदुषां जनानां हि जिज्ञासूनांहिताय च
अनिरुद्धाज्ञयासेयं स्वांततुष्टिकरी कृतिः

॥ इतिश्रीमद्वल्लभाचार्यचरणाब्जचित्तचंचरीककाशीराम
तनुजमोहनशास्त्रीकृतपत्रावलंबन
गुर्जरानुवादः समाप्तः ॥

❋ " વાચકવર્ગને વિનંતી. "

આ ગ્રંથમાં મૂલમાં તથા ટીકામાં છાપવામાં જે અશુદ્ધિ રહી હોય તે મૂલ ગ્રંથકારની અગર ટીકાકારની નથી પણ પ્રકાશકની છે એમ સમજી સુજ્ઞ પુરૂષોએ સુધારી વાંચવું અને તે માટે ક્ષમા બક્ષવી.

ના. શ્રી. વલ્લભીય ગ્રંથ પ્રકાશક મંડળ

- શ્રી વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર બીજી આવૃત્તિ બ્રહ્મવાદ સાથે ૧—૦—૦
- તત્વાર્થદીપ નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણ ગુજરાતી ટીકા સાથે ૧—૦—૦
- શ્રીકૃષ્ણલીલામૃત ભાગ ૧ (શ્રીસુબોધિનીજીના આધારે) ૧—૦—૦
- શ્રીકૃષ્ણ લીલામૃત ભાગ ૨ ,, ... ૧—૦—૦
- શ્રીમદ્ વલ્લભાચાર્યજીનુ સંક્ષિપ્તજીવન તત્વવિદ્યા અને ઉપદેશ અંગ્રેજી ... ... ૦—૨—૦
- માલા પ્રસંગનો સાર ... ... ૦—૪—૦
- કામાખ્ય દોષ વિવરણ ગુજરાતી ટીકા સાથે ... ૦—૨—૦
- બ્રહ્મવાદ (વિદ્યાનગરના રાજાની સભામાં થયેલો શાસ્ત્રાર્થ) ૦—૪—૦
- પુષ્ટિમાર્ગ (અલ્હાબાદના કન્વેન્સન ઓફ્ રીલીજીયન્સમાં વાંચેલો નિબંધ ગુજરાતી ૦–૨–૦ ...અંગ્રેજી ૦—૩—૦

વૈદિકમાર્ગ નિરીક્ષા (મુનશી બળવંતરાય કૃત) ... ૦—૪—૦

દુર્મતધ્વાન્ત ભાસ્કર (શાસ્ત્રી જેષ્ટરામ કૃત) ... ... ૦—૨—૦

બ્રહ્મ સંબંધ કાવ્ય સટીક ... ... ૦—૬—૦

પુષ્ટીમાર્ગીય સિદ્ધાન્ત (પટવારી કૃત) ... ... ૦–૧૦—૦

ભક્તિમાર્ગનું રહસ્ય ... ... ૦—૫—૦

શ્રીમન્માધવતીર્થના તા. ૩૧–૭–૯ ના સાંજ વર્તમાનના લેખનો જવાબ ... ... ૦—૨—૦

શાસ્ત્રીય વિચાર [પુષ્ટિમાર્ગ કલ્પિત છે] એ પુસ્તકના આક્ષેપોનો જવાબ ... ... ૦—૩—૦

દીનતા આશ્રયનાં પદોનો સંગ્રહ ... ... ૦–૧૦—૦

વૈષ્ણવોપયોગી નિત્ય કર્મ... ... ... ૦—૧—૬

અંજન (શ્રીમદ્ દેવકીનંદનજીની આજ્ઞાનુસાર) ... ૦—૧—૬

અષ્ટાક્ષર વિવરણ વ્રજભાષા. ... ... ૦—૨—૦

સર્વોત્તમ સ્તોત્ર વ્રજભાષા ટીકા સાથે ... ... ૦—૪—૦

શ્રી ગુસાંઇજી કૃત વિજ્ઞપ્તિ ગુજરાતી ટીકા ... ... ૦—૪—૦

વલ્લભાખ્યાન–મોટી ટીકા સાથે ગુજરાતી ... ... ૦–૧૦—૦

શ્રીવલ્લભીય ગ્રંથ પ્રકાશક મંડળ તરફથી પ્રકટ થયેલાં.

- સન્યાસનિર્ણય વિસ્તીર્ણ ટીકા સાથે ગુજરાતી ૦—૩—૦
- ભક્તિ હંસ. ,, ... ૦—૨—૦
- જલભેદ અને પંચપદ્યાનિ ,, ... ૦—૩—૬
- પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ ,, ... ૦—૫—૦
- દુ:સંગ વિજ્ઞાન પ્રકાર... ... ... ૦—૧—૦
- ઉપદેશશંકા નિરાસવાદ ,, ... ૦—૨—૦
- ભક્તિ વર્ધિની ,, ... ૦—૨—૬
- સિદ્ધાન્ત મુક્તાવલી ,, ... ૦—૫—૬
- યમુનાષ્ટક ,, ... ૦—૧—૦
- બાલબોધ ,, ... ૦—૩—૬

શ્રી વલ્લભાચાર્યજી (શ્રી મહા પ્રભુજી) ના ચિત્રજી ...		૦—૧—૦
શ્રી ગોવર્ધનનાથજીનુ પ્રાકટ્ય. ગુજરાતી તથા કીર્તનો ...		૦—૪—૦
વલ્લભાષ્ટક અને ચતુઃશ્લોકી ભાષા ટીકા		૦—૪—૦
પુષ્ટિસુધાકર (શાસ્ત્રી—ચીમનલાલ કૃત)		૦—૧૦—૦
બ્રહ્માંડ પુરાણનો પરિચ્છેદ		૦—૪—૦
ઉર્ધ્વપુંડ્ર માર્તંડ સં૦		૦—૪—૦
તુલસી માલા ધારણવાદ ગુજરાતી ટીકા સાથે... ...		૦—૮—૦
Out line of Shuddhadwaita or Brahmavada		1—0—0
શ્રીશારદામઠ ધર્મપ્રકરણાન્યાયનીહાર ભાસ્કર (કલ્પિતમાર્ગ કંટકદ્રુમ દાવાનલનો સશાસ્ત્ર પ્રત્યુત્તર.)	છપાય છે.	૧—૪—૦
ષોડશગ્રંથ સંક્ષિપ્ત ટીકા ગુજરાતી.	છપાય છે.	૦—૮—૦
પત્રાવલંબન (સંસ્કૃત તથા ગુજરાતી ટીકા સાથે)		૦—૫—૦

(ઉપરનાં પુસ્તકો મુંબઇમાં બલદેવદાસ કીર્તનીયા, તથા કલકત્તામાં જેઠાલાલ ખેતસી ૫૦ હેઝરાસ્ટ્રીટ, તથા કરાંચી શ્રીપુષ્ટિમાર્ગીયપુસ્તકાલયના મંત્રી પુરૂષોત્તમદાસ રવજીભાઈ તથા અમદાવાદમાં નારણદાસ કાશીદાસ મુગટવાળા પાસેથી મળશે.)

ઉપરનાં પુસ્તકો રોકડ ન્યોછાવરથી અગર વી. પી. દ્વારા મોકલવામા આવે છે પોસ્ટેજ જુદુ સમજવું.

શ્રીભોવનદાસ પીતાંબરદાસ શાહ

મંત્રી શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય.

નડીઆદ.